વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ એપ્રિલ, ૨૦૨૩
01 April 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



## ॥ तुम रक्षक काहू को डरना ॥

હનુમાન જયંતી: તા. ૬–૪–૨૦૨૩, ચૈત્ર સુદ પૂર્ણિમા

## નવી દિશા... નવા વિચાર...













# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અધતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

## જય સહકાર... જય કિસાન...

| | | |
|---|---|---|
| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India


Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023
CELEBRATING 40 YEARS
GAJANAND
RETAIL
દેશની યાદગીરી,
ગજાનંદ મસાલા વગર અધૂરી
ફ્રી Silver Coin
₹2501/- ની ખરીદી ઉપર
10 ગ્રામ ચાંદીનો સિક્કો
₹4501/- ની ખરીદી ઉપર
20 ગ્રામ ચાંદીનો સિક્કો
100+ પ્રોડક્ટ રેન્જ
• કુમઠીલાલ કાશ્મીરી મરચું
• રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
• પ્રીમિયમ મરચું
• તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
• કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉંવ)
• પ્રીમિયમ હળદર પાવડર
• પ્રીમિયમ ધાણાજીરું પાવડર
• પ્રીમિયમ ધાણા પાવડર
• સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
• તેજાના
• આચાર મસાલા
• કાબુલી સ્ટ્રોંગ હીંગ
• ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
• ઇન્સ્ટન્ટ મિક્સ
• આસામની પ્રીમિયમ ચા
• ફરાળી પ્રોડક્ટ્સ
• મુખવાસ
• નેચરલ સીડ્સ
• પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
• પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
• કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...
એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ
રત્નાપર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઈટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111
આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**એપ્રિલ ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૧ **અંક:** ૦૪
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

**April 1, 2023**
**Year :** 1 **Ank :** 4
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Utpal Patel
Dr. Ashok Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ




## કવર સ્ટોરી-૨૬

**'તુમ રક્ષક કાહુ કો ડરના...' પવનપુત્ર હનુમાનજીને જન્મ આપનારાં અંજની માતાનું ગુજરાતનું એકમાત્ર મંદિર તમે જોયું છે?**

હનુમાનજી મા સીતાના આશીર્વાદથી અષ્ટ સિદ્ધિ-નવ નિધિના દાતા છે. સીતા માતાએ તેમને એમ પણ કહ્યું હતું કે, 'હે હનુમાન... તું ચિરંજીવી થા. તારાં ઠેર ઠેર મંદિરો બનશે.'

૧૧ પ્રાર્થના

૧૨ વેદોનો દિવ્ય સંદેશ

૧૩ શ્રી રામચરિત માનસ કથાસાર

૧૪ અનાસક્તિઃ સંસારમાં એવી રીતે રહો, જેમ જીભ મોંમાં રહે છે

૧૫ ઈશ્વરનો આભાર માનો કે તમારી પાસે ખુશીનાં નવ કારણ છે

૧૭ તમારી ટેવને દરરોજ યાદ કરો





૧૮ નિયમિત નહીં રહો તો ક્યાંય ટકી નહીં શકો, શિસ્ત જ સફળતાની ચાવી છે!

૧૯ નવી શૈલીનું ઘડતર

૨૦ જીવનના મરજીવાઓનું કાવ્ય






૨૧ ચાણક્ય : સર્વકાલીન મહાન શિક્ષક

૨૩ સંબંધોઃ હાથ છૂટે ભી તો રિશ્તે નહીં તૂટા કરતે

૨૪ અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપવી હોય તો ૩૦ હજાર સૈનિકોના બદલે ૩૦ હજાર શિક્ષકોને મોકલો


૨૮ શ્રદ્ધા પાછળની અંધશ્રદ્ધા

૩૦ શું કળિયુગ આવી રહ્યો છે?

૩૨ દિલના અવાજને અનુસરીને નિર્ણય લો !





૩૪ પોતાની જાતથી ડરતાં શીખો

૩૭ બાલ સૃષ્ટિ

૩૮ દાતાશ્રેષ્ઠી

૪૦ પ્રવૃત્તિઓ

૪૪ સમાચાર

૪૬ વીયુએફ



**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

# પ્રમુખશ્રીનું નિવેદન



# દાનનો મહિમા

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ અંતર્ગત આપણે વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સામાજિક સશક્તિકરણની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે કરી રહ્યા છીએ ત્યારે સમાજના અનેક લોકોએ અનેક પ્રકારના દાન આપીને વ્યક્તિ વિશેષ તરીકેની ગરિમાને ઉજવાળી છે. આવા દાતાશ્રેષ્ઠીઓના દાનની સરવાણી અવિરતપણે વહેતી રહે તેવા શુભ આશયથી આજનો લેખ લખેલ છે.

મિત્રો, દાન શબ્દ જ્યારે અને જ્યાં પણ બોલાય છે ત્યારે દરેક વ્યક્તિ બીજાની સામે જુએ છે, પરંતુ ખુદને ખબર નથી કે હું પણ દાતા બની શકું છું. દાતા બનવા માટે માત્ર લક્ષ્મીનું જ દાન હોય તે જરૂરી નથી, પરંતુ કુદરતે આપણને ઘણું આપ્યું હોય છે તેમાંથી યથાશક્તિ આપણે આપણી સમજ પ્રમાણે ધર્મ - સમાજ અને રાષ્ટ્રને આપી શકીએ છીએ. દરેક વ્યક્તિ પાસે સમાજ અને રાષ્ટ્રને આપવા માટે કંઈક ને કંઈક તો છે જ, પરંતુ તેની કાં તો તેને સમજ નથી, કાં તો સમજવું નથી, એટલે કે દાનમાં શું શું આપી શકાય અને કેવી રીતે આપી શકાય તે અંતર્ગત મારા વિચારો આપ સૌની સમક્ષ પ્રગટ કરું છું. પરંતુ તેનાથી જાણે-અજાણે કોઈની લાગણી દુભાય તો તે માટે મારી દિલગીરી વ્યક્ત કરું છું.

**દાનના અનેક પ્રકાર પૈકીના મુખ્ય પાંચ પ્રકાર છે : (૧) અર્થદાન (૨) સમયદાન-શ્રમદાન (૩) બુદ્ધિદાન (૪) શબ્દ દાન (૫) નડતર દાન. જેની વિગતે સમજ મેળવીએ તો...**

**પહેલું દાન અર્થદાન -** એટલે કે જે કોઈ વ્યક્તિ અર્થ એટલે કે ધનનું દાન કરે છે તે અર્થદાતા છે. તેની પાસે સમય નથી, પરંતુ બીજાને મદદરૂપ થવાની ભાવના છે એટલે ધનનું દાન કરીને સંતોષની લાગણી અનુભવે છે. દાનની રકમ કેટલી છે તે મહત્ત્વની નથી, પરંતુ પોતાની પાસે જે કંઈ છે તેનું સ્વયં મૂલ્યાંકન કરીને દાન કરે તે મહત્ત્વનું છે. કોઈપણ વ્યક્તિએ પોતાની આવકમાંથી ૫ થી ૧૦% નો હિસ્સો પોતાના ધર્મ - સમાજ કે રાષ્ટ્ર માટે સમર્પિત કરવો જોઈએ તેવું આપણા શાસ્ત્રો પણ કહે છે. આમાંથી આપણે કેટલું કરીએ છીએ તે સ્વયં નક્કી કરવાનું રહે છે.

**બીજું દાન - સમયદાન-શ્રમદાન -** એટલે કે જે કોઈ વ્યક્તિ અર્થદાન કરવાની ઈચ્છા ધરાવતા નથી, પરંતુ સમાજના કોઈપણ સત્કાર્યમાં પોતાના કિંમતી સમયમાંથી ચોક્કસ જવાબદારી સાથે ચોક્કસ સમય આપે છે અને ખૂબ જ સારું કાર્ય કરતા હોય છે. આ પ્રકારનું દાન આપીને તેઓ સમયદાતા બની શકે છે.

સમયદાતાનું મૂલ્ય પણ અર્થદાતાની સમકક્ષ છે. એટલે કે સિક્કાની એક બાજુ અર્થદાતા છે અને બીજી બાજુ સમયદાતા છે. બંને એકબીજાના પૂરક છે અને બંનેની પૂરકતા સિવાય કાર્ય થઈ શકતું નથી, જે નિર્વિવાદ બાબત છે. એટલે કે બંનેમાંથી કોઈએ પણ પોતે મોટો છે તેવો અહંકાર કરવો નિરર્થક છે.

**ત્રીજું દાન - બુદ્ધિ દાન :** આ એવા પ્રકારનું દાન કહી શકાય કે જે વ્યક્તિ અર્થદાન કે સમયદાન આપવા સક્ષમ કે અક્ષમ છે અને ઈચ્છાશક્તિનો અભાવ છે, પરંતુ આવી વ્યક્તિ પાસે કુદરતની કૃપાથી કુશાગ્ર બુદ્ધિ છે તો તેવી વ્યક્તિના પ્રેરક વિચારોથી સમાજને એક નવી જ દિશા મળે છે અથવા જે તે દિશામાં થઈ રહેલા કાર્યને વેગ મળે છે તો તે પણ દાનનો એક પ્રકાર છે અને તેને આપણે બુદ્ધિદાતા તરીકે નવાજીએ છીએ...

**...પરંતુ જે વ્યક્તિ અર્થ - સમય અને બુદ્ધિ એમ ત્રણેય દાન પોતાના સમાજ કે રાષ્ટ્રને સમર્પિત કરે છે તે શ્રેષ્ઠ દાતા છે.**

**ચોથું દાન - શબ્દ દાન :** જે કોઈ વ્યક્તિ અર્થ - સમય કે બુદ્ધિ દાન આપી શકતો નથી કે આપવાની ઈચ્છા ધરાવતો નથી, પરંતુ સમાજ કે રાષ્ટ્ર માટે કાર્ય કરતા કોઈપણ વ્યક્તિ - સમાજ કે સંસ્થાને હંમેશાં સારા શબ્દોથી પ્રોત્સાહિત કરે છે અને પોતાના સર્કલમાં હંમેશાં તેનો પ્રચાર કરતો રહે છે જેનાથી અન્ય વ્યક્તિઓ અર્થ - સમય કે બુદ્ધિ આપવા માટે પ્રેરાય છે અને આપે છે તો તે પણ એક પ્રકારનું દાન છે જેને આપણે શબ્દ દાતા તરીકે નવાજીએ છીએ.

**પાંચમું દાન નડતર દાન -** કે જે સમાજમાં મોટા ભાગના લોકો પાસે ઓછા-વત્તા પ્રમાણમાં હોય જ છે. આ પ્રકારના લોકો ધર્મ - સમાજ કે રાષ્ટ્રના કોઈ કાર્યમાં સહકાર આપતા નથી, પરંતુ હંમેશાં ઈર્ષાભાવથી સાચી-ખોટી ટીકાઓ - અપ પ્રચાર કરીને કાર્ય કરનાર વ્યક્તિ - સમાજ કે સંસ્થાને નડતરરૂપ બનતા હોય છે અને આવા વ્યક્તિઓ કાર્ય કરતા વ્યક્તિઓને નડવાનું બંધ કરે તો તે પણ એક પ્રકારનું નડતર દાન છે.

આ પ્રકારની નડતર પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓ દરેક સમાજમાં મોટી સંખ્યામાં ઉપલબ્ધ હોય છે. જેઓ પોતે સમાજના કોઈપણ કાર્યમાં ઉપયોગી થતા નથી પરંતુ સત્કાર્યો કરતા વ્યક્તિઓને નડતરરૂપ બની પોતાનો અહમ્ પોષવાની અધમ્ પ્રવૃત્તિ કરતા હોય છે. આ પ્રકારના વ્યક્તિઓની નડતર પ્રકૃતિ બદલવી ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ જો નડતર પ્રકૃતિ ધરાવતા વ્યક્તિઓને સકારાત્મક બનાવી શકાય એટલે કે નહીં નડવાનું દાન મેળવી શકાય તો કોઈપણ સારા કાર્યનું ઉત્તમ પરિણામ ખૂબ જ ઓછા સમયમાં મેળવી શકાય છે. ટૂંકમાં નડતર દાતાઓનું નહીં નડવાનું દાન પણ સમાજના વિકાસ માટે ઉપયોગી છે.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અધતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ 300 ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અધતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.


★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

## તંત્રીલેખ



- ડૉ. પ્રભુદાસ પટેલ




# આસુરી સંપત્તિનો વંઠેલો વારસદાર ‘દુર્યોધન’

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર, ચિંતક, ભારત સરકારના પદ્મશ્રી ઍવોર્ડથી સન્માનિત લેખક શ્રી ગુણવંત શાહનાં લગભગ બધાં પુસ્તકો મેં વાંચ્યાં છે. તેમાંનું એક ‘મહાભારત - માનવ સ્વભાવનું મહાકાવ્ય’ મને વધારે ગમેલું. કોઈ પણ માણસના સ્વભાવની તેના જીવન-કવન પર અસરો થતી હોય છે. મહાભારતનાં પ્રમુખ તમામ પાત્રોના સ્વભાવની અસરો તેમણે જણાવી છે. તેમાંથી એક પાત્ર ‘દુર્યોધન’.

**આસુરી સંપત્તિનો વંઠેલો વારસદાર દુર્યોધન**

ગુણવંત શાહ કહે છે, ‘મહાભારત જેવા મહાકાવ્યમાંથી દુર્યોધનની બાદબાકી થઈ જાય પછી શું બચે? દુર્યોધન ન હોય તો પાંડવો વિરુદ્ધ થયેલાં ષડ્યંત્રો ક્યાંથી? દુર્યોધન ન હોય તો મામા શકુનિની જુગારલીલા ક્યાંથી? જુગારની કપટલીલા ન હોય તો પાંડવોનો વનવાસ ક્યાંથી? **અરે, દુર્યોધન ન હોય તો ભગવદ્‌ગીતાનો ઉપદેશ ક્યાંથી?’**

જો ધર્મરાજ યુધિષ્ઠિરને સમજવા હોય તો દુર્યોધનનું અધર્માચરણ સમજવું પડે. જગતમાં સત્યનો સૂર્યોદય પણ અસત્યના સૂર્યાસ્તને આભારી છે. **ઝીણી આંખે જોવાનું રાખીએ તો પ્રત્યેક ગામમાં - શહેરમાં આજે પણ એક નહીં, અનેક મિની દુર્યોધન જડી આવશે.**

મહાભારતમાં કૃષ્ણની વાત યાદ કરી લઈએ, ‘प्रकृति यान्ति भूतानि’ અર્થાત્ સ્વભાવે જાય છે પ્રાણી. (પ્રાણ અને પ્રકૃતિ એકી સાથે જાય) દુર્યોધનને સમજ્યા વિના ગીતાનો સાર સમજાય તેમ નથી. અધર્મની ગેરહાજરીમાં ધર્મ ફિક્કો પડી જાય છે. **દુર્યોધન પોતાના સમગ્ર જીવન દરમિયાન શેતાનની ‘શ્રેષ્ઠકૃતિ’ તરીકે દુરાચરણ કરતો રહ્યો.**

દુર્યોધન કહેતો...

जानामि धर्मं, न च मे प्रवृत्ति । जानामि अधर्मं, न च में निवृत्ति ॥

હું ધર્મ જાણું છું, પરંતુ તે આચરી શકીશ નહીં, હું અધર્મ જાણું છું, પરંતુ તે છોડી શકીશ નહીં. આ દુર્યોધનને શું કહેવું? ધર્મ અને અધર્મ વચ્ચેની અથડામણ રામ - કૃષ્ણ - જીસસ - મહાવીર - બુદ્ધ અને ગાંધીજીના ગયા પછી પણ અટકી નથી. **માનવીની સામે કાયમ ઊભો રહી જતો પ્રતિમાનવ સમગ્ર માનવજાતને સદીઓથી પજવતો આવ્યો છે.**

જ્ઞાની વિદુરજીએ ધૃતરાષ્ટ્રને સલાહ આપેલી કે, ‘હે રાજન, તમે આ એ પુત્ર (દુર્યોધન)નો ત્યાગ કરીને કુરુવંશ અને જગતનું કલ્યાણ કરો. તમારા નવ્વાણું પુત્રો બચી જશે.’

त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् । ग्राम जानपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत ॥

(આદિ પર્વ ૧૦૭-૩૨)

કુળની રક્ષા માટે એકનો ત્યાગ કરવો, ગામની રક્ષા માટે કુળનો ત્યાગ કરવો,
દેશની રક્ષા માટે ગામનો ત્યાગ કરવો, અને આત્માર્થે પૃથ્વીનો ત્યાગ કરવો.

...અને છતાં ધૃતરાષ્ટ્રે પુત્રસ્નેહના કારણે વિદુરની સલાહ સ્વીકારી નહીં. હા, **ભીષ્મે જો માતા સત્યવતીની સલાહ માનીને પોતાની પ્રતિજ્ઞા માટેનો આગ્રહ છોડ્યો હોત તો કદાચ વિનાશક યુદ્ધ ટળી ગયું હોત.** ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા, પણ તેમને પ્રજ્ઞાચક્ષુ ન કહેવાય. દુનિયાનાં ઘણાંખરાં દુષ્કૃત્યો નરી આંખે ન જોનારા અને છતે કાને ન સાંભળનારા મનુષ્યો દ્વારા થતાં રહ્યાં છે. **એક વિચાર એવો આવે છે કે ધૃતરાષ્ટ્રને બદલે દુર્યોધન જન્માંધ હોત તો!**

ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન બંને આંધળા હતા. એક આંખ વગરનો આંધળો અને બીજો છતી આંખે આંધળો! રાવણ મહાજ્ઞાની હતો, છતાંય છેવટ સુધી અભિમાન છોડી ન શક્યો. હિટલર અક્કલ વિહોણો નહોતો. ઓસામા બિન લાદેન પણ અક્કવિહોણો નહોતો. **જ્યાં સુધી બુદ્ધિ સાથે વિવેક ન જોડાય ત્યાં સુધી બુદ્ધિ સદાચરણની ખાતરી આપતી નથી.**

દુર્યોધન મૃત્યુવેળાએ માતા ગાંધારીને કહે છે,

नमस्कृत्य वदामि त्वां यदि पुण्यं मया कृतम् । अन्यस्यामपि जात्यां मे त्वमेव जननी भव ॥

(મહાકવિભાસવિરચિત - ૩ સભંગમ)

નમસ્કાર કરીને તમને કહું છું,
જો મેં પુણ્ય કર્યું હોય તો બીજા જન્મમાં પણ મારી માતા તમે જ થજો.

**માણિક્યમ્**

ગીતાના ગાનાર અને ઉપદેશક કૃષ્ણ એ સાક્ષાત્ અહિંસાનો અવતાર હતા. અર્જુનને ‘લડાઈ કર’ એવો ઉપદેશ કરવામાં તેની અહિંસાને લેશમાત્ર ઝંખપ નથી આવતી.

**- ગાંધીજી**

દુર્યોધન અહંથી ભરેલું મહાવૃક્ષ છે.
તો કર્ણ તેનું થડ છે.
શકુનિ શાખા - સમૂહ છે.
દુ:શાસન પુષ્પ અને ફળ છે.
**અને મૂર્ખ રાજા ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે.**
(આદિ પર્વ - ૧-૬૫)

જ્યારે યુધિષ્ઠિર એ ધર્મમય મહાવૃક્ષ છે.
અર્જુન તેનું થડ છે,
ભીમસેન શાખા-સમૂહ છે.
નકુલ અને સહદેવ પુષ્પ અને ફળ છે.
અને કૃષ્ણરૂપી બ્રહ્મ
**અને બ્રાહ્મણો તેનું મૂળ છે.**
(આદિપર્વ ૧-૬૬)



તંત્રી




Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it*
*Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification

MORE STARS MORE SAVINGS

CE

IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



રજની પટેલ
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે



# પ્રાર્થના

હે મા!
ઘોર અંધકાર ચારેબાજુ
છવાયેલો હોય ત્યારે
એક તેજપુંજ તારામાંથી પ્રગટ
થાય તો કાફી છે...
અંધારું ધોવાઈ જશે અને
તેજભર્યું પ્રભાત ઊગશે...
આજનો તેજોમય દિવસ
તારા તેજથી શરૂ થાય...
મનનો અંધકાર દૂર થાય,
હે મા!
તારી બાજુમાં બેસાડી
તારા પોતાના માની...
અહંકાર અને આત્મપ્રશંસા,
ઈર્ષ્યા અને ગુપ્તઘૃણા,
અસત્ય અને અનિષ્ઠા,
જ્યારે અમારી ઉપર હાવી બને
ત્યારે હે મા!
અમારી બાજુમાં ઊભી રહીને
અમને દિશા સંચાર કરજે...
મા, અમે આપી તો કંઈ નથી
શકતા પણ દરરોજ
એક સવાર તારી પાસે એક
માગણી લઈને ઊભા હોઈએ છીએ. ■

## ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**उद्‌बुध्यध्वं समनसः सखायः**
**समग्निमिन्धवं बहवः सनीलाः ।**
**दधिक्रामग्निमुषसं य**
**दवीमिन्द्रावतोऽवसे नि ह्वये वः ॥**

**(ઋગ્વેદ ૧૦/૧૦૧/૧)**



**ભાવાર્થઃ** જે સમાજમાં વધુમાં વધુ લોકો એક મન, એક વિચાર અને એક સંકલ્પવાળા હોય છે તે સમાજ ઉન્નતિશીલ હોય છે. ત્યાં લોકો તેજસ્વી હોય છે.

**સંદેશઃ** માનવી એક સામાજિક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી અને કશું કરી શકતો નથી. તેની બધી જ પ્રવૃત્તિઓ બીજાના આચરણની અસર હોય છે. **સાંસારિક કામકાજની સફળતા માટે અનેક માણસોએ ભેગા મળીને સહકાર આપવો પડે છે.**

દરેક માણસ મન, વચન, કર્મ અને સ્વભાવથી સ્વતંત્ર છે. તે જે ઇચ્છે તે વિચારી શકે છે અને કરી શકે છે, પરંતુ જો ભેગા મળીને, એક જ પ્રકારનું ચિંતન અને મનન કરીને, એક જ સંકલ્પની મૂર્તિ માટે કર્મ કરવામાં ન આવે તો સફળતા મળતી નથી. માનવી સમાજનું એક અવિભક્ત અંગ છે. જ્યાં સુધી તે પોતાના સ્વાર્થની વાત વિચારશે ત્યાં સુધી ન

**[ માનવી સમાજનું એક અવિભક્ત અંગ છે, જ્યાં સુધી તે પોતાના સ્વાર્થની વાત વિચારશે ત્યાં સુધી ન તો પોતાનું ભલું કરી શકશે કે ન સમાજનું ભલું કરી શકશે, ઊલટાનું અરાજકતાનું વાતાવરણ બની જશે ]**

તો પોતાનું ભલું કરી શકશે કે ન સમાજનું ભલું કરી શકશે. ઊલટાનું અરાજકતાનું વાતાવરણ બની જશે, પરંતુ જ્યારે તે બધાના હિતમાં પોતાનું હિત સમજશે, પોતાની ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને લાલસાઓ ઉપર સંયમ રાખશે તો સમાજમાં ચારે બાજુ સુખ-શાંતિનું વાતાવરણ બની જશે. **દરેક માણસ ઉન્નતિના માર્ગે આગળ વધશે તથા તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી બનશે.**

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે નર અને નારી એક સમાન માનવાં જોઈએ. નારીને 'પાંવ કી જૂતી' અથવા ઢોર, ગમાર, શૂદ્ર કે પશુ જેવી માનવી જોઈએ નહીં. દેશ અને દુનિયામાં સ્ત્રીઓની પરિસ્થિતિ દયાજનક અને દુઃખદ છે. પતિ-પત્ની જો એક મનથી, એક વિચારથી સમાન સ્તરે પોતાની જવાબદારી નિભાવવાનો સંકલ્પ લે તો સર્વત્ર સુખશાંતિની વર્ષા થવા લાગશે. દેશ અને સમાજની પ્રગતિ માટે સુયોગ્ય નાગરિકો જોઈએ. આ ત્યારે જ શક્ય બનશે કે જ્યારે માતાપિતા બંને ભેગાં મળીને આ જવાબદારી નિભાવે. ત્યારે જ 'નર ઔર નારી એક સમાન'નો નારો સાર્થક થશે. જીવનના વ્યાપક ક્ષેત્રમાં આ પ્રકારના સહયોગ અને સહકારથી પ્રગતિના માર્ગ ઉપર આગળ વધી શકશો. **આ વિચારધારા ખેતી સાથે સંકળાયેલા લોકો, કારખાનાં, કાર્યાલય વગેરે બધાં ક્ષેત્રોમાં જરૂરી છે.**

જ્ઞાન, વિજ્ઞાન, તપ, સાધના વગેરે ભલે ગમે તેટલા ઊંચા સ્તરનાં હોય, પરંતુ જો તેમનો હેતુ સમાજની ઉન્નતિ કરવાનો ન હોય તો સમજી લેવું જોઈએ કે તે બધું નિષ્ફળ જ નહીં, પરંતુ હાનિકારક પણ બનશે. રાવણે સમાજની ઉન્નતિ માટે દરકાર રાખી નહીં અને પોતાનો સ્વાર્થ પૂરો કરવા માટે મન, વિચાર અને સંકલ્પનું સંયોજન કર્યું, પરિણામે તે પોતે, તેનું કુટુંબ, ધનબળ, બુદ્ધિબળ, સૈન્યબળ બધું જ નાશ પામ્યું. **આવી દશા ભસ્માસુર અને દુર્યોધનની પણ થઈ હતી.**

બ્રાહ્મણોનું એ પરમપુનિત કર્તવ્ય છે કે તેઓ સમાજમાં ફેલાયેલા કુવિચારોનો નાશ કરીને લોકોના મન, વિચાર અને સંકલ્પને સન્માર્ગ તરફ લઈ જાય. **વિચારક્રાંતિ અભિયાનનો આ જ ઉદ્દેશ છે અને આ જ સાચું બ્રાહ્મણત્વ છે.** ■



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથા:** બાગમાં ફૂલ વીણવા ગયેલા શ્રી રામચંદ્રજીને પાર્વતીપૂજા કરવા ગયેલાં સીતાજીની સખી જોઈ ગઈ. સખી દોડતી સીતાજી પાસે ગઈ અને બોલી, 'બે રાજકુમારો બાગમાં આવ્યા છે. તેમના સૌંદર્યને હું વર્ણવી શકતી નથી. **વાણી નેત્ર વિનાની છે અને નેત્રોને વાણી નથી.** गिरा अनयन, बिनु नयन बिनु बानी.'

**હવે આગળ:**

सुनी हरषीं सब  सखी सयानी
सिम हिमं अति उत्कंठा जानी

આ સાંભળી સીતાજીના હૃદયમાં મોટી ઉત્કંઠા જાણીને બધી સમજુ સખીઓ પ્રસન્ન થઈ. જેમણે પોતાના રૂપની મોહિની નાખીને નગરનાં સ્ત્રી-પુરુષોને પોતાના વશમાં કરી લીધા છે, તેમને જોવા જ જોઈએ. **સીતાજીને પણ દર્શન માટે નેત્રો અકળાઈ ઊઠ્યાં.**

सुंदरता कहुं सुंदर करई
छबिगृहं दीपशिखा जनु बरई

સીતાજીની શોભા સુંદરતાને પણ સુંદર કરનારી છે. જાણે સુંદરતા રૂપી ઘરમાં દીપકની શિખા જલી રહી હોય. સખીઓએ લતાઓની આડમાં સુંદર શ્યામ અને ગૌર કુમારોને દેખાડ્યા. તેમના રૂપને જોઈને સીતાજીનાં નેત્ર લલચાઈ ઊઠ્યાં. **તે એવાં પ્રસન્ન થયાં કે જાણે તેમણે ખજાનાને ઓળખી લીધો.**

थके नयन रघुपति छबि देखें
पलकन्हिहूं गौर किशोर सुहाऍ

શ્રી રઘુનાથજીની શોભાને જોઈને નેત્રો સ્તબ્ધ થઈ ગયાં. પાંપણોએ પણ પડવાનું છોડી દીધું. નેત્રોના માર્ગે શ્રીરામજીને હૃદયમાં લાવીને જાનકીજીએ પાંપણોનાં બારણાં બંધ કરી દીધાં. અધિક સ્નેહના કારણે શરીર વિહ્‌વળ થઈ ગયું. **જાણે શરદઋતુના ચંદ્રમાને ચકોરી જોઈ રહી હોય.**

शोभा सीवं सुभग दोउ बीरा
नील पीत जलजाभ शरीरा

તે જ સમયે બંને ભાઈ લતામંડપમાંથી પ્રગટ થયા. જાણે બે નિર્મળ ચંદ્રમા વાદળોના પરદા હટાવીને નીકળ્યા હોય. બંને સુંદર ભાઈઓ શોભાની સીમા છે. શિર પર સુંદર મયૂરપંખ સુશોભિત છે. **વાંકી ભ્રમરો અને વાંકડિયા વાળ છે. મુખની શોભા અપાર છે.**

धरी धीरजू क्षेक आलि सयानी
सीता सन बोली गहि पानी

એક ચતુર સખીએ ધીરજ ધરીને, હાથ પકડીને સીતાજીને કહ્યું, 'ગિરિજાજીનું ધ્યાન પછી કરી લેજો, આ સમયે રાજકુમારને કેમ જોઈ લેતાં નથી?' ત્યારે સીતાજીએ લજાઈને નેત્રો ખોલ્યાં અને રઘુકુળના બંને સિંહોને પોતાની સામે ઊભેલા જોયા. કાલે આ સમયે ફરી આવીશું એમ કહીને મૃગ, પક્ષી અને વૃક્ષોને જોવાના બહાને સીતાજી વારંવાર વળે છે અને **શ્રી રામજીની શોભા જોઈ લે છે ને પછી પાર્વતી મંદિરમાં પ્રવેશ્યાં.**

जय जय गिरिबरराज किशोरी
जय महेश मुख चंद चकोरी

'હે શ્રેષ્ઠ પર્વતોના રાજા હિમાલયનાં પુત્રી પાર્વતીજી! આપનો જય હો... હે ભક્તોને મન માગ્યો વર આપનારનારા શિવજીનાં પ્રિય પત્ની, આપનાં ચરણકમળોની પૂજા કરી. મારા મનોરથને આપ સારી રીતે જાણો છો.' **એમ કહી જાનકીજીએ તેમનાં ચરણ પકડી લીધાં.**

सुनु सिय सत्य असीस हमारी
पूजिहि मन कामना तुम्हारी

સીતાજીના વિનય અને પ્રેમને વશ થઈ, પાર્વતીજીની માળા સરકી પડી અને મૂર્તિ મલકાઈ. ગૌરીજી બોલ્યાં, 'હે સીતા! અમારી આશિષ સાંભળો. તમારી મનોકામના પૂર્ણ થશે. જેમાં તમારું મન અનુરક્ત થયું છે એ જ સુંદર વર (શ્રીરામજી) તમને મળશે.' **આ આશીર્વાદ સાંભળી જાનકી સહિત સખીઓ પ્રસન્ન થઈ રાજમહેલમાં પાછાં ફર્યાં.**

**વધુ આવતા અંકે...**

**(શ્રીરામજીનું રાજા જનક સાથે મિલન)** ■

# ધર્મ સૃષ્ટિ



**ડૉ. કિશોરસિંહ સોલંકી,**
લેખક જાણીતા સાહિત્યકાર અને શિક્ષણકાર છે

# અનાસક્તિઃ સંસારમાં એવી રીતે રહો, જેમ જીભ મોંમાં રહે છે

'વાલ્મીકિ રામાયણ' (૭/૫૨/૧૨)માં કહ્યું છેઃ સ્ત્રી, પુત્ર, મિત્ર અને ધનમાં વિશેષ આસક્તિ રાખવી જોઈએ નહીં, કારણ કે એમાં વિયોગ અવશ્ય થાય છે. દુઃખના મૂળમાં આસક્તિ રહેલી છે. જ્યાં મારાપણાનો ભાવ વધારે ગાઢ થાય, એમાંથી જ દુઃખની શરૂઆત થાય, કારણ કે દરેક વસ્તુ કે વ્યક્તિ કાયમી તો નથી જ. **ગૃહસ્થ જીવનમાં વધારે પડતું મમત્વ રાખવાથી ઘણા પ્રશ્નો ઊભા થતા હોય છે.** એકબીજાના સુખ-દુઃખની ચિંતામાં મન સતત વ્યાકુળ રહે છે. જો સંસારમાં જળકમળવત્ રહીએ તો દુઃખનો પ્રશ્ન ઊભો થતો નથી. અનાસક્તિ કેળવવી એ જ સુખી થવાની ચાવી છે. 'ભગવદ્ ગીતા'માં કહ્યું છેઃ 'કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચના' અર્થાત્ ફળની આશા રાખ્યા વિના કર્મ કરો, પણ કંઈક મેળવવા માટે કાર્ય કરતા હોઈએ અને તે ન મળે તો દુઃખ ન થાય. **સ્વાર્થનો ત્યાગ કરો એ જ અનાસક્ત છે. જે અનાસક્ત છે, એને કોઈ જ શક્તિ બાંધી શકતી નથી. એના જીવનમાં સમતાનું ઝરણું સતત વહેતું રહે છે.**

જે માણસ અનાસક્ત છે, સંતોષી છે, એને કશાનો અભાવ વર્તાતો નથી. એ દરેકનો ઉપયોગ-ઉપભોગ કરતો હોય પણ એમાં એની આસક્તિ ના હોય. તેથી તો કહેવાય છે કે જે વ્યક્તિ અનાસક્તિની આરાધના કરે છે, એના જીવનને ધન્ય બનાવે છે. જે માણસ પોતાની ભીતરી શક્તિને જાણી શકે છે, એને

> **ભક્તિ એટલે શું? મારાપણામાંથી બહાર નીકળીને સર્વમાં ભળી જવું તે... અનાસક્તિ શુદ્ધ મધનું બૂંદ છે, એ તમારા ખમીસ પર પડે તો ચોટે નહીં, નીચે સરકી જાય**


આ જગતની કોઈ જ વસ્તુ સ્પર્શી શકતી નથી. અનાસક્તિ એ ઈશ્વરની ભક્તિનો આધાર છે. **ગાંધીજીએ કહ્યું છે, 'અનાસક્ત કર્મ શક્તિ આપનારું છે, કેમ કે એ ભગવાનની ભક્તિ છે.'** ભક્તિ એટલે શું? મારાપણામાંથી બહાર નીકળીને સર્વમાં ભળી જવું તે. અનાસક્તિ શુદ્ધ મધનું બૂંદ છે. એ તમારા ખમીસ પર પડે તો ચોટે નહીં, નીચે સરકી જાય. જ્યાં વધારે પડતો મોહ હોય, સ્નેહની માત્રા ધાર્યા કરતા વધારે હોય તો દુઃખ થાય જ. 'બાવા ગાયો આવી તો કાંઈ વાંધો નહીં, ઘી-દૂધ ખાશું. **બાવા ગાયો ગઈ તો કોઈ ચિંતા નહીં. આવે તો ભલે, ના આવે તોય ભલે. આવ્યું એવું સુખ નથી અને ગયું એનું દુઃખ નથી.'**

**તુલસી જગ મેં યુ રહો, જ્યું જિહ્‌વા મુખ માંહિ,**
**ઘી ઘના ભક્ષણ કરે ભીર ભી ચીકની નાહી!**

અર્થાત્ તુલસી કહે છે કે સંસારમાં આવી રીતે રહો, જેમ જીભ મોંમાં રહે છે. એ ઘણું ઘી ચર કરી જાય છે, છતાં ચીકણી થતી નથી. સંસારમાં રહેવું તો રાજા જનકની જેમ રહેવું. જેને કોઈ જ વસ્તુ સ્પર્શી શકે નહીં. જે સૌની વચ્ચે છે, છતાંય ક્યાંય નથી, જેનું ઘણું બધું છે, છતાંય કશું નથી. જે ધન-દોલતમાં આસક્ત છે. એ જીવનભર એમાં રખડ્યા કરે છે. જે અનાસક્ત છે તે સાત્ત્વિક અને સહજ છે. **ગાંધીજીએ કહ્યું છે, 'જે મારું-તારું કરે છે એ અનાસક્ત હોઈ શકે જ નહીં. જગત દ્વન્દ્વોથી ભરેલું છે.** સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ રહેલું છે. તડકો છે તો છાંયડો પણ છે. પ્રકાશ છે તો અંધારું પણ છે. જન્મ છે તો મૃત્યુ પણ છે. આ **દ્વન્દ્વોથી દૂર રહેવું તે અનાસક્તિ. દ્વન્દ્વોને જીતવાનો ઉપાય તેમનો નાશ કરવો એ નથી, પણ દ્વન્દ્વાતીત, અનાસક્ત થવું એ છે.'**

ઓશોએ કહ્યું છે, 'અનાસક્ત માણસના જીવનમાં ચકરાવા નથી હોતા, કેમ કે એનામાં ન તો વિરક્તિ હોય છે કે ન આસક્તિ.' **જ્યાં આસક્તિ છે ત્યાં ઉચાર છે. ગૃહસ્થ હોય કે સાધુ હોય, અનાસક્તિ દ્વારા જ આત્મસુખ મેળવી શકે છે.**

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'આનંદ મેળવવા માટે અનાસક્ત થવું જરૂરી છે. જો આપણામાં ઈચ્છા કરતાંવેંત અનાસક્તિ થઈ જવાની શક્તિ હોત તો કોઈ પણ પ્રકારનું દુઃખ સહેવું ન પડત. **જે મનુષ્ય પોતાની સર્વશક્તિથી કોઈ પણ બાબતમાં ઓતપ્રોત થઈ શકે અને જરૂર જણાય ત્યારે બધામાંથી અળગો થઈ શકે તે જ મનુષ્ય પ્રકૃતિ પાસેથી સૌથી વધારે લાભ ઉઠાવી શકે છે.'** ■





સંપાદક : ડૉ. ભગીરથ પટેલ
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

# ઈશ્વરનો આભાર માનો કે તમારી પાસે ખુશીનાં નવ કારણ છે

**૧. ખુશ રહો, તમે જોઈ શકો છો...**



કેમ કે ડબલ્યૂએચઓના રિપોર્ટ અનુસાર દુનિયામાં ચાર કરોડ લોકો દૃષ્ટિહીન છે, જેમાંથી ૪૯ ટકા એકલા ભારત અને ચીનમાં જ છે.

**૨ ખુશ રહો, તમે સાંભળી શકો છો...**



કેમ કે વર્લ્ડ ફેડરેશન ઑફ ડીફના અનુસાર દુનિયામાં સાત કરોડથી પણ વધુ સાંભળવામાં સક્ષમ નથી, જેમાંથી ૮૦ ટકા લોકો વિકસિત દેશોમાં છે.

**૩. ખુશ રહો, તમે ચાલી શકો છો...**



કેમ કે ડબલ્યૂએચઓના રિપોર્ટ અનુસાર દુનિયામાં છ કરોડથી વધુ લોકોના પગ કામ કરતા નથી. ૭.૫ કરોડ લોકો વ્હીલચેર પર છે.

**૪. ખુશ રહો, તમારા માથે છત છે...**



કેમ કે હેબિટેટ ઓફ હ્યુમેનિટીના રિપોર્ટ અનુસાર દુનિયામાં લગભગ ૧૫ કરોડ લોકો નિરાધાર છે. લગભગ ૧૬૦ કરોડ તૂટેલી-ફૂટેલી છત નીચે રહેવા મજબૂર છે.

**૫. ખુશ રહો, તમારી પાસે ભોજન છે...**



કેમ કે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના સ્ટડી અનુસાર દુનિયામાં ૪.૮ કરોડ લોકો ભોજન ન મળવાને કારણે મૃત્યુની નજીક પહોંચી ગયા છે.

**૬. ખુશ રહો, તમારી પાસે પરિવાર છે...**



કેમ કે યુનિસેફના રિપોર્ટ અનુસાર દુનિયામાં ૧૫.૩ કરોડ બાળકો અનાથ છે. ૧૬.૮ કરોડથી પણ વધુ બાળકોએ મજૂરી કરીને પોતાનું પેટ ભરવું પડે છે.

**૭. ખુશ રહો, તમે અભ્યાસ કરી શકો છો...**



કેમ કે યુનેસ્કોના રિપોર્ટ મુજબ દુનિયામાં ૨૬ કરોડ બાળકો સ્કૂલનો ઝાંપો પણ જોઈ શકતા નથી, જેના પાછળનું સૌથી મોટું કારણ છે- આર્થિક બદહાલી.

**૮. ખુશ રહો, તમે સ્વચ્છ પાણી પીઓ છો...**



કેમ કે ડબલ્યૂએચઓ - યુનિસેફના આંકડા કહે છે કે દુનિયામાં ૨૦૦ કરોડ લોકોને પીવાને લાયક સ્વચ્છ પાણી ઉપલબ્ધ નથી.

**૯. ખુશ રહો, તમારા પગમાં જોડાં છે...**



કેમ કે ડબલ્યૂએચઓના રિપોર્ટ અનુસાર દુનિયામાં લગભગ ૬૦ કરોડ લોકો પાસે એક જોડી બૂટ પણ નથી. આ લોકોમાં લગભગ ૩૦ કરોડ બાળકો છે. ■

(સાભાર દિવ્યભાસ્કર)

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઇવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઇપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઇ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ

શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ

શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)

શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

# શિક્ષણ સૃષ્ટિ



**બી. કે. શિવાની**
લેખિકા બ્રહ્માકુમારીઝ સંસ્થાના આધ્યાત્મિક વક્તા છે

# તમારી ટેવને દરરોજ યાદ કરો



આપણો દરેક દિવસ આશીર્વાદ (બ્લેસિંગ્સ) અને દુઆઓ સાથે શરૂ કરો. જો આપણે પોતાનો આખો દિવસ આ વિચાર પ્રક્રિયા સાથે પસાર કર્યો કે ફલાણો વ્યક્તિ આવો કેમ છે કે તેણે આમ ન કરવું જોઈએ, તો તેનાથી આપણા મન પર એક પ્રકારની પેટર્ન બનતી જાય છે. રાત્રે ઊંઘતા પહેલાં આપણે એ પેટર્ન બદલવાની છે, બીજાને અને ખુદને આશીર્વાદ આપવાના છે. બ્લેસિંગ્સ આપશો તો મળશે પણ. પછી એ બ્લેસિંગ્સ શરીરને મળશે. એ દિવ્ય સ્પંદન કે અનુભૂતિઓ આખી રાત આપણા શરીરને મળશે. તેનાથી **શરીરનું હીલિંગ થવાની સાથે સંબંધોનું પણ હીલિંગ થઈ જાય છે. પછી એ વાઈબ્રેશન સમગ્ર વાતાવરણમાં ફેલાશે, જેનાથી પર્યાવરણનું પણ હીલિંગ થઈ જાય છે.**

આ કોઈ જાદુ નથી. રાત્રે ઊંઘતા પહેલાં પોતાના વિચારોને બદલવાથી જીવનમાં ખરેખર ચમત્કાર થઈ જશે. પોતાના મને બ્લેસિંગની ભાષામાં બોલવાનું શીખવાડો. ઊંઘતા પહેલાં એક ડાયરીમાં લખી શકો છો કે તમે એકાંતમાં બેસીને એ વિચાર પેદા કરી શકો છો. જેમ કે એ ખૂબ જ સારા વ્યક્તિ છે. બની શકે કે તેમના વ્યવહાર પાછળ કેટલાંક કારણ હોય. જો ખોટો વ્યવહાર તેમની ટેવ છે, તેમના સંસ્કાર છે તો તેમને બ્લેસિંગ્સ આપવા વધુ જરૂરી છે. રાત્રે ઊંઘતા પહેલાં તેમના માટે બ્લેસિંગ પેદા કરો. આ બ્લેસિંગ શક્તિશાળી ઊર્જા છે. સૌથી પહેલાં તમારા મનમાં જામેલી ધૂળ સાફ કરી દેશે. પછી એ **તમારા મનમાં શુદ્ધ ભાવનાત્મક પેટર્ન બનાવવાનું શરૂ કરશે. પછી આ વાઈબ્રેશન તેમના સુધી પહોંચશે. દુઆઓ અશક્યને શક્ય બનાવી દે છે.**

આજથી એક નવો સંસ્કાર બનાવી લઈએ છીએ કે દરરોજ રાત્રે ઊંઘતા પહેલાં એ દિવસની ભાવનાઓને ક્લોઝર (બંધ) કરવાની છે, માફ કરવાનું છે. સૉરી બોલવાનું છે, પરંતુ સૌથી વધુ જરૂરી આશીર્વાદ

**બ્લેસિંગ શક્તિશાળી ઊર્જા છે, સૌથી પહેલાં તમારા મનમાં જામેલી ધૂળ સાફ કરી દેશે, પછી એ તમારા મનમાં શુદ્ધ ભાવનાત્મક પેટર્ન બનાવવાનું શરૂ કરશે, પછી આ વાઇબ્રેશન તેમના સુધી પહોંચશે, દુઆઓ અશક્યને શક્ય બનાવી દે છે**

આપવાનું છે. જો પોતાનાથી પણ કોઈ ભૂલ થઈ છે, કોઈની સાથે સારો વ્યવહાર કર્યો નથી તો ખુદને પણ ક્લોઝર કહેવાનું છે. 'હું મારી જાતની માફી માગું છું. હું શક્તિશાળી આત્મા છું. હું ખૂબ જ શાંતિપૂર્ણ આત્મા છું.' પોતાની જાતને આશીર્વાદ આપવા જરૂરી છે, જે આપણા પ્રથમ સંસ્કાર છે. બધું જ પરફેક્ટ છે. આવતી કાલનો દિવસ ખૂબ જ સુંદર, પ્રેમભર્યો છે... આવા બ્લેસિંગ પેદા કરવાના છે, **પોતાના માટે પણ અને પરિસ્થિતિ માટે પણ, લોકો માટે પણ, લોકોના વ્યવહાર માટે પણ.**

જે સંકલ્પ તમે પ્રથમ દિવસે કરો છો એ જ સંકલ્પ દરરોજ રીપિટ કરવાનો છે. જેમ કે - હું શક્તિશાળી આત્મા છું. જે વિચારું છું તે હું કરી લઉં છું. દરેક વસ્તુ મારા માટે શક્ય છે, મારા માટે બધું જ સહજ છે - સરળ છે. હું પાવરફૂલ જ છું. હું લવફૂલ જ છું. હું અશક્યને શક્ય બનાવી દઉં છું. મારા શબ્દકોશમાં અસંભવ જેવો શબ્દ જ નથી. **મારો દરેક સંબંધ સુંદર છે. જો આપણે આ નાનકડી ટેવને આજે અપનાવી લઈએ છીએ તો આપણા માટે દરરોજ નવો હશે.** ■



**રોજર ફેડરર**
લેખક વિશ્વના ટોચના ભૂતપૂર્વ ટેનિસ ખેલાડી છે

# નિયમિત નહીં રહો તો ક્યાંય ટકી નહીં શકો, શિસ્ત જ સફળતાની ચાવી છે!

**તમારામાં દરેક કળાની આવડત હોવી જોઈએ, મહાન ખેલાડી હંમેશાં ઓફેન્સિવ અને ડિફેન્સિવ બંને રહે છે, મોટા ભાગે આક્રમક રહેતો, પરંતુ મને ડિફેન્સ પણ આવડતું હતું.**



હું હંમેશાં રમવા માગું છું. મને કોર્ટ સાથે લગાવ છે. ટ્રાવેલિંગ ગમે છે. સારા ખેલાડીઓ સાથે રમવાની મજા આવે છે. મારા માટે હંમેશાં આ બધું જ સરળ રહ્યું છે. જીતવું, હારીને સબક શીખવો... બધું જ સારું લાગ્યું. મને મારી કારકિર્દી દરેક ઍન્ગલથી શ્રેષ્ઠ લાગી છે. નિવૃત્તિને સ્વીકારવી થોડાક અંશે મુશ્કેલ હતી, પરંતુ હું જાણું છું કે કોઈ એક પડાવ પર પહોંચીને દરેકે આ નિર્ણય લેવો પડે છે. ગેમ છોડવી પડે છે. મારી કારકિર્દી રોમાંચક હતી અને તેના માટે હું આભારી છું. કારકિર્દીમાં જેમ જેમ આગળ વધો છો તેમ તેમ શીખો છો. મને યાદ છે કે કારકિર્દીની શરૂઆતમાં હું જરા પણ નિયમિત નહોતો. નિયમિત ન હોવાને કારણે અનેક વાર ઠપકો આપવામાં આવ્યો છે. ત્યાંથી **દુનિયાના સૌથી કન્સિસ્ટન્ટ ખેલાડી બનીને ઊભરવું એ મારા માટે ચોંકાવનારું હતું. વ્યક્તિગત રીતે આ મારા માટે મોટી ઉપલબ્ધિ છે.**

લાંબા સમય સુધી નંબર વન પર રહેવું મારા માટે ખાસ હતું. મને તેનાથી ભરપૂર આનંદ મળતો હતો. હું લાંબા સમય સુધી ટોચ પર હતો, દરેક ટૂર્નામેન્ટમાં જીતની આશા લઈને રમતો હતો. ૧૫ વર્ષ સુધી પ્રૅક્ટિસ કરી હતી. તેનો શ્રેય મારી નિયમિતતાને જાય છે. કન્સિસ્ટન્સી જ સફળતાની ચાવી છે. પ્રયાસ કરતા રહો. પહેલાં તમારા પ્રયાસો સતત હશે. બાદમાં સફળતા મળશે.

માઈકલ શુમાકર, ટાઈગર વૂડ્સને જ્યારે હું ટોચ પર જોતો હતો તો વિચારતો હતો કે કઈ રીતે આ લોકો આટલા લાંબા સમય સુધી ટોચ પર રહ્યા. સફળતા મળવા પર અહેસાસ થાય છે કે તમે પણ એ ગ્રૂપનો હિસ્સો છો, તે અદ્ભુત અહેસાસ છે. નિવૃત્તિ માટે મન કહે છે કે તે વધુ કઠિન છે. તમને સ્વીકારવામાં સમય લાગે છે. પછી **તમે તેને છોડવાનું નક્કી કરો છો. તેનો સ્વીકાર કરવામાં કંઈ જ ખોટું નથી. દરેક અંત નવી શરૂઆતની આશા છે.**

**રમતમાં એક જેવા ન ટકી શકે, દરેક આવડત જરૂરી છે:** રમત અથવા કોઈ પણ કામમાં એક જેવું ન રહી શકાય. હું માનતો હતો કે જો તમે આક્રમક રમો છો તો તમારે શાંતિથી પ્રતિક્રિયા આપવાની છે. જો તમે હંમેશાં વિરોધી સામે રિએક્ટ કરશો તો રમત વધુ મુશ્કેલ થશે. દર સપ્તાહે, દર વર્ષે, સમગ્ર જીવન તમે ભરપાઈ કરતા રહેશો અને બોલની પાછળ ભાગતા રહેશો તો વિરોધી તમારાથી આગળ નીકળી જશે. તમારામાં દરેક કળાની આવડત હોવી જોઈએ. **મહાન ખેલાડી હંમેશાં ઓફેન્સિવ અને ડિફેન્સિવ બંને રહે છે. મોટા ભાગે આક્રમક રહેતો, પરંતુ મને ડિફેન્સ પણ આવડતું હતું.** ■

## સફળતા તરફ મહેનત સિવાય કોઈ રસ્તો જતો નથી

- હું હંમેશાં પોઝિટિવ થિન્કર રહ્યો છું, જેને કારણે પડકાર ઝીલી શક્યો.
- પ્લાન લોન્ગ ટર્મ હોય, ગોલ શોર્ટ ટર્મ હોય ત્યારે જ તમે પ્રેરિત રહી શકો છો.
- ખરાબ ન લાગે તે માટે તમારે જ પ્રયાસ કરવા પડશે.
- સફળતા માટે મહેનત સિવાય કોઈ રસ્તો નથી, એટલે તેને તરત અપનાવો.
- કોઈનાથી ડરો નહીં, પરંતુ દરેકને માન આપો.



મહેન્દ્ર પટેલ
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.

# નવી શૈલીનું ઘડતર

**બાળકોને ચાર દીવાલમાં કેદ ન રાખતાં સ્વતંત્ર અને મુક્ત રાખવા જોઈએ, સંપૂર્ણપણે ઢાલ બની રક્ષણ કરવાથી કે કોઈ પણ પ્રયત્ન વગર સુવિધાઓ પૂરી પાડવાથી ભવિષ્યમાં કેવી મુશ્કેલીઓ આવે તે બાળકો સમજી શકતાં નથી**

આજના યુગમાં બાળકોના ઘડતર સંદર્ભે અનેક વિચારો સ્મરણપટ ઉપર ચાલતા હોય છે, જેમાં **બાળકોના શિક્ષણ, માર્ગદર્શન, વ્યવહાર અને આદાન-પ્રદાન તેમજ ટેવ, કુટેવ, પ્રકૃતિ વિષયક વિચારો ચાલ્યા કરે છે.**

પ્રકૃતિ-સ્વભાવ વિશે વિચારે ચઢતા એક નાનકડી વાર્તા યાદ આવી જાય છે. એક અદ્‌ભુત અને જાણીતું સરકસ હતું. સરકસની ખૂબ નામના હતી. એનાં કરતબો, જૉકર, ઝૂલા, સાહસોથી ભરપૂર સરકસમાં પ્રાણીઓ પણ હતાં. જેમાં કેટલાક પાળેલા, તાલીમ આપેલા સિંહ હતા. રિંગલીડરથી ટેવાયેલા સિંહ અવનવા કરતબ બતાવે અને રિંગલીડરને અનુસરે. સરકસના માલિક દ્વારા સિંહોને નિયમિત ખોરાક મળી રહે. ક્યાંય કશો જ પ્રયત્ન નહીં. ખોરાક મળ્યે રાખે. સમય થતાં સરકસમાં પ્રાણીઓના ખેલ, રિંગમાસ્ટરના આદેશથી પ્રસ્તુત થયા કરે, પણ યુગ બદલાયો. સમય વીત્યો. અવનવી શોધખોળોએ સરકસની દુનિયાને ઝાંખી બનાવી દીધી. અદ્યતન યુગમાં ઈલેક્ટ્રોનિક પદ્ધતિ, કમ્પ્યૂટર, સિનેમા તેમજ ટીવીના આકર્ષણથી સરકસ જોવાનું ઘટવા લાગ્યું. સરકસના માલિકે વિચાર્યું કે **સરકસના જંગી ખર્ચને પહોંચી વળાય તેમ નથી. પરિણામે જે સિંહ રાખ્યા હતા તેઓને તેમની દુનિયા (જંગલ)માં છોડી મૂક્યા.**

સરકસના સિંહોને જંગલમાં મુક્ત કર્યા, પણ સરકસના જીવનથી ટેવાયેલા - પરાધીનપણામાં રહેલા, ટ્રેનિંગ પામેલા સિંહ પોતાનો સ્વભાવ-પ્રકૃતિ ભૂલી ગયા હતા. તેમનામાં રહેલી આક્રમકતા નષ્ટ પામી હતી. મ્હોરું જ સિંહનું રહ્યું હતું. અંદરથી શિયાળવાં જેવા બની ગયા હતા. શિકાર કરવાનો, ઘૂરકવાનો, ત્રાટકવાનો સ્વભાવ જતો રહ્યો હતો. પરિણામે જંગલમાં આપબળે શિકાર મેળવીને ખોરાક ખાતાં કૂતરાંની નજરે ચઢ્યા અને **જંગલી કૂતરાંઓ સિંહને હડપ કરી ગયા - મારી નાખ્યા. કૂતરાંઓની સામે સિંહની અંદર રહેલી તાકાત, ઘડતર ન થવાથી નાશ પામી હતી.**



આ દૃષ્ટાંતથી કહેવાનું મન થાય છે કે આપણાં બાળકોને ચાર દીવાલમાં કેદ ન રાખતાં સ્વતંત્ર અને મુક્ત રાખવા જોઈએ. સંપૂર્ણપણે ઢાલ બની રક્ષણ કરવાથી કે કોઈ પણ પ્રયત્ન વગર સુવિધાઓ પૂરી પાડવાથી ભવિષ્યમાં કેવી મુશ્કેલીઓ આવે તે બાળકો સમજી શકતાં નથી. યોગ્ય ઉંમરે સમાજના ખુલ્લા મેદાનમાં મુક્ત રીતે મૂક્યાં હોય તો સ્વભાવ ઘડતર, પ્રકૃતિ સાથે તાલમેલ, માનવસ્વભાવમાં રહેલ સારી-નરસી બાબતોથી પરિચિત થઈ સંઘર્ષનો સામનો કરવાની ટેવ, તટસ્થતા, મક્કમતાથી ઘડાઈને મનુષ્યગત સ્વભાવ અને જગતને ઓળખી જીવન ઘડવામાં સહજતા પ્રાપ્ત થાય છે. **પરણામે તે પરાધીનપણામાંથી મુક્ત રહી સ્વાધીન બની, સ્વતંત્ર રીતે વિકાસ સાધી શકે છે.**

સ્વતંત્રતા, સ્વપ્રયત્ન, કામ કરવાની નિષ્ઠા, આવડત અને નિયમિતતા બંધનમુક્ત વ્યક્તિને ઘડવામાં મદદરૂપ બને છે અને નવી શૈલીનું ઘડતર પૂરું પાડે છે. આપણા દીકરા કે દીકરીની બાબતમાં પણ નોકરી, ધંધામાં એકલા મૂકી દેવાથી જે વિકાસ થાય છે તે જીવનના પાયાને મજબૂત કરે છે. **દરેક પળે ટેકો આપવા કરતાં સ્વતંત્ર નિર્ણયશક્તિ જીવનને ઘડવામાં અગ્રેસર રહે છે.** ■



અંકિત ત્રિવેદી
લેખક કવિ, પ્રવક્તા અને જાણીતા કોલમિસ્ટ છે

# જીવનના મરજીવાઓનું કાવ્ય



**આફતોના ટેકરાને વટાવવાના છે. વણખેડ્યાં ખેતરોને ફળદ્રુપતા આપવાની છે. ન જોવાનું બધું જ નરી આંખે જોઇ લેવાનું છે. એને ખંતથી ખેડવાનું છે. એમાં હરિયાળી ઉગાડવાની છે.**

થાકે ન થાકે છતાંયે હો માનવી! ન લેજે વિસામો!
ને ઝૂઝજે એકલ બાંયે-હો માનવી! ન લેજે વિસામો!
તારે ઉલ્લંઘવાના માર્ગ ભુલામણા,
તારે ઉધ્ધારવાના જીવન દયામણાં,
હિંમત ન હારજે તું ક્યાંયે-હો માનવી, ન લેજે વિસામો!
જીવનને પંથ જતાં તાપ-થાક લાગશે,
વધતી વિટંબણા સહતાં તું થાકશે.
સહતાં સંકટ એ બધાંયે-હો માનવી! ન લેજે વિસામો!
જાજે વટાવી તુજ આફતનો ટેકરો.
આગે આગે હશે વણખેડ્યાં ખેતરો,
ખંતે ખડે એ બધાંયે-હો માનવી! ન લેજે વિસામો!
ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે,
આવે અંધાર તેને એકલો વિદારજે,
છોને આ આયખું હણાયે-હો માનવી! ન લેજે વિસામો!
લેજે વિસામો ન ક્યાંયે હો માનવી! દેજે વિસામો!
તારી હૈયા-વરખડી ને છાંયે હો માનવી! દેજે વિસામો!

**- વેણીભાઈ પુરોહિત**

થાકવાનું તો આવે, પણ ન થાકીને આગળ વધવાનું કામ દરેકનું છે. વિસામો લીધો તો પછી રોકાઈ જવાશે. થાક હોય કે ન હોય, વિસામો લેવાનું શ્વાસને પરવડે એવું નથી. આપણો ભાર આપણે જ ઊંચકવાનો છે. ઝૂઝવાનું છે અને કોઈ સાથે આવવાનું નથી. આપણા ખભા પર આપણને જ ઊંચકીને આગળ વધવાનું છે. સાથે ઘણાયે માર્ગમાં હશે, પણ આપણા કામમાં આપણે જ આવીશું. જે માર્ગ ભૂલ-ભુલામણા છે, ત્યાં સફર કરવાની છે. એમાં થાકને માફ કરીને આગળ વધવાનું છે. ઘણાનાં દયામણાં સ્વભાવોનો ઉદ્ધાર કરવાનો છે. વિસામો લીધા વગર બીજાને મદદ કરવાની છે અને એ ધ્યાનમાં રાખવાનું છે કે આપણી મદદે આપણે જ આવવાના છીએ. વિસામો ઓશિયાળો લાગવો જોઈએ અને થાકને પણ થાક ન લાગે એમ આ દુનિયાની સફર કરીને નીકળી જવાનું છે. **હિંમત અને  ખંતથી કામ લેવાનું છે. હારવાનું નિશ્ચિત હોય ત્યાં જીતવાનું સુરક્ષિત કરવાનું છે.**

જીવનનો માર્ગ છે એમાં ઉંમરના, સંબંધોના, જાણીતા-અજાણ્યાના ઘણા વિસામા આવશે. એનો તાપ અને સંતાપ બંને લાગશે. વિટંબણાના કાંટાઓ પણ પથરાયેલા હશે. એ બધાં સંકટોને સહન કરીને આગળ વધવાનું છે. દરેક જીવતા માણસ પાસે એના પોતાના પ્રશ્નો - એની પોતાની  ઉપાધિઓ અને દુ:ખ છે. એમાં આપણા થાકનો ઉમેરો નથી કરવાનો. **બસ, વગર વિસામે પસાર થવાનું છે. પરિસ્થિતિ અને વાતાવરણ અનુકૂળ ન હોય તોય એને અનુરૂપ થવાનું છે.**

આફતોના ટેકરાને વટાવવાના છે. વણખેડ્યાં ખેતરોને ફળદ્રુપતા આપવાની છે. ન જોવાનું બધું જ નરી આંખે જોઈ લેવાનું છે. એને ખંતથી ખેડવાનું છે. એમાં હરિયાળી ઉગાડવાની છે. **આપણું કામ આપણી નિસબતનો અરીસો છે. એમાં થાક પરવડે એવો નથી.**

જગત જો ઝાંખું દેખાય તો ભીતરના અજવાળાને પ્રગાટવજે... અંધકારને વિદાય આપતા જાતને શીખવાડજે. એમાં આખું આયખું હણાય તો ભલે... તારા કામને આગળ ધપાવવાનું છે. નિષ્ફળતાને ખંખેરી નાખવાની છે. લક્ષ્યાંક કરતાં ઊંચે જવાનું છે. જીવ મળ્યો છે, શ્વાસ મળ્યા છે, સમજણ મળી છે એ વેડફવા માટે નથી મળી. જગતમાં આવીને જગતને વધારે સુંદર કરવાનો પુરુષાર્થ કરવાનો છે. **આખું કાવ્ય કવિ પોતાને કહેતાં હોય એમ લખે છે અને આ 'સ્વબોધ'માં દરેકની વ્યથા અને થાકની કથાને આલેખે છે.**

છેલ્લી બે પંક્તિઓમાં કવિ વળાંક લે છે. આપણે વિસામો લેવાનો નથી. આપણી ગતિ સતતની છે, પણ બીજાને આપણી ગતિ સાથે વિસામો આપવાની વાત કરે છે. **બીજાને વિસામો આપજે અને એની હૈયાવરાળને સાંભળજે - ઠારજે. એ હળવો થશે તો તારા થાકને ફરીથી વિસામો લીધા વગર ચાલવાનું જોમ મળશે.**

**વેણીભાઈ પુરોહિતની આ કવિતામાં નાસીપાસ, નિરાશ, દુ:ખી થયેલા માણસો માટેનું ઓસડ છે.** લયના દરબારમાં આ કવિએ ગુજરાતી કવિતાનો ઠસ્સો જમાવ્યો છે. આ કાવ્ય એવા દરેક માટે છે, જેમને જીવનમાં આગળ વધવું છે. પોતાના કામ પ્રત્યે શ્રદ્ધા રાખીને કેન્દ્રિત થવું છે. **આ કાવ્ય જીવનનાં એવાં જીવો માટે છે,જેણે મરજીવો થઈને મોતી નહીં, શાશ્વત જ્યોતિ હાથમાં ઝીલવી છે. હકાર શોધવાનો નથી હોતો, આપમેળે મળી જતો હોય છે.** ■

**ડો. લીલાબેન મહેન્દ્રકુમાર સ્વામી**
લેખક જાણીતાં શિક્ષણશાસ્ત્રી અને કોલમિસ્ટ છે

# ચાણક્ય : સર્વકાલીન મહાન શિક્ષક

**રાજા ધનાનંદે સાચી સલાહ આપવા બદલ ચાણક્યનું ભરદરબારમાં અપમાન કર્યું ત્યારે તેમણે નંદવંશને ઉખાડી ન ફેંકે ત્યાં સુધી પોતાના માથાના કેશ નહીં બાંધવા (ઓળવા) ની પ્રતિજ્ઞા કરી હતી**

વિશ્વના સર્વકાલીન મહાન બૌદ્ધિકો, શિક્ષકો અને ચિંતકો પૈકી ઈ. પૂ. ચોથી સદીના (ઈ. પૂ. ૩૫૦થી ઈ. પૂ. ૨૮૩) કાર્યરત વિશ્વની સૌ પ્રથમ યુનિવર્સિટી (વિશ્વ વિદ્યાલય) **તક્ષશિલાના શિક્ષક ચાણક્યનું નામ મોખરે આવી શકે છે. ચાણક્યના શિક્ષક અંગેના કેટલાક વિચારો ખૂબ જાણીતા છે, જેમ કે...**

- **‘શિક્ષક કભી સાધારણ નહીં હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસકી ગોદમેં પલતે હૈ.’**
- **‘મૈં એક શિક્ષક હૂં, મુઝે સમાજ કે બારે મેં સોચના હૈ.’**

ચાણક્ય એ બહુમુખી પ્રતિભાનો ધણી હતો અને વિવિધ વિષયોનો જ્ઞાતા હતો. રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, શસ્ત્રવિદ્યા અને જીવનના વિજ્ઞાન જેવા વિષયોનું ગહન જ્ઞાન ચાણક્યના વિવિધ ગ્રંથોમાં વ્યક્ત થાય છે. વળી તેઓ વેદ, વેદાંત, ઉપનિષદ, **શુક્રનીતિસાર, આયુર્વેદશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર જેવા વિષયોના પણ જ્ઞાતા હતા.**

ડહાપણ અને જ્ઞાનનો ખજાનો ચાણક્યના ગ્રંથોમાં સંગ્રહાયો છે. **ચાણક્ય શ્રેષ્ઠ રાજકારણી મુત્સદીઓ માટે આદર્શ અને પ્રેરણામૂર્તિ ગણાય છે.** રાજકારણીય દાવપેચ અને વ્યૂહરચનાઓ અંગે ‘ચાણક્યનીતિ’ ખૂબ જાણીતી છે. ચાણક્ય એ રાજકારણ - રાજ્યશાસન અને અર્થશાસ્ત્રના શ્રેષ્ઠ સલાહકાર જ નહીં, પરંતુ **વિશ્વના સૌ પ્રથમ મહાન વિશાળ સામ્રાજ્ય મૌર્યશાસન (ઈ.પૂ. ૪થી ઈ. પૂ. ૩જી સદી)ના મહાન અમાત્ય (પ્રધાનમંત્રી) હતા.**

રાજા ધનાનંદે સાચી સલાહ આપવા બદલ ચાણક્યનું ભરદરબારમાં અપમાન કર્યું ત્યારે તેમણે **નંદવંશને ઉખાડી ન ફેંકે ત્યાં સુધી પોતાના માથાના કેશ નહીં બાંધવા (ઓળવા) ની પ્રતિજ્ઞા કરી હતી** અને ઘમંડી, પ્રજાવિરોધી નંદવંશને સ્થાને પ્રજાલક્ષી શાસન સ્થાપવા માટે ચંદ્રગુપ્ત નામના પ્રભાવશાળી યુવાનને શસ્ત્રવિદ્યા તથા રાજ્ય વહીવટના જ્ઞાન અને તાલીમ વડે તૈયાર કરી પ્રજાનો સહયોગ લઈને મૌર્યવંશના શાસનની સ્થાપના કરી. **મૌર્ય શાસનની સ્થાપના પછી કાશ્મીરમાં સિકંદરના પ્રતિનિધિ સેલ્યુક્સ સાથે યુદ્ધ કરી વિદેશી શાસનથી કાશ્મીરને મુક્ત કરાવ્યું.** મૌર્ય શાસન ભારતનું સૌ પ્રથમ અને સર્વકાલીન વિશાળ રાજ્ય ગણાય છે. **આ મહાન રાજ્યના અનુશાસન તેમજ સદ્ધરતા માટે ચાણક્યે ‘કૌટિલ્ય અર્થશાસ્ત્ર’ ગ્રંથની રચના કરી, જેમાં મુખ્યત્વે રાજનીતિ, રાજ્ય વહીવટ, અર્થશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે.**



ચાણક્યના ગ્રંથો પૈકી મુખ્યત્વે ત્રણ ગ્રંથો ઉલ્લેખનીય છે અને જે પ્રાપ્ય છે (૧) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, (૨) નીતિસાર (ચાણક્યનીતિ), (૩) પંચતંત્રની વાર્તાઓ.

‘કૌટિલ્યનું અર્થશાસ્ત્ર’ એ અર્થશાસ્ત્ર અને રાજ્યશાસન (રાજ્યશાસ્ત્ર)નું વિશ્વનું સર્વપ્રથમ પુસ્તક છે. **આ ગ્રંથમાં ૧૫ વિભાગ, ૧૮૦ પ્રકરણ અને ૬૦૦૦ શ્લોકો છે.** રાજ્યશાસ્ત્ર વિશે સદીઓ પછી યુરોપમાં મધ્યયુગમાં મેકિયાવેલીએ પુસ્તક લખ્યું હતું. અર્થશાસ્ત્ર વિશે સદીઓ પછી એડમ સ્મિથે ઈ.સ. ૧૭૭૬માં ‘રાષ્ટ્રોની સંપત્તિનું સ્વરૂપ અને કારણો’ પુસ્તક લખ્યું હતું. **આધુનિક મજબૂત રાજ્યની કૂટનીતિ તથા પોલિટિકલ ઈકોનોમી તથા રાજકોષીય અને કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના પાયાના વિચારો-સિદ્ધાંતો કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં રજૂ થયા છે.**

જીવનમાં સફળતા મેળવવા માટેના પ્રેરણાદાયી વિચારો રજૂ કરનાર વિચારકો ડેલ કાર્નેગી, સ્વેટ માર્ડન, વીન ચઢ્ઢા, દીપક ચોપરા, જિતેન્દ્ર અઢિયાનાં પુસ્તકોની ખૂબ બોલબોલા છે. **આ બધા જીવનસાફલ્યના પ્રેરકોના ગુરુ કહી શકાય તેવા પ્રેરણાદાયી ગુરુ (મોટિવેટર) ચાણક્ય છે.** ચાણક્યનીતિનાં સૂત્રો ખૂબ જ સચોટ છે અને અત્યંત વ્યવહારુ છે, જે મનુષ્યને દુ:ખી અને નિષ્ફળતાઓથી બચાવી સુખી જીવન જીવવા તથા સફળતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી નીવડે તેવા છે. ■

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in



**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# સંબંધો: હાથ છૂટે ભી તો રિશ્તે નહીં તૂટા કરતે



સંબંધો ખૂબ જ સંવેદનશીલ ચીજ છે. સંબંધોને સાચવવા પડે છે. કેટલાક સંબંધો લોહીના હોય છે અને કેટલાક સંબંધો દિલના હોય છે. સંબંધો વિસ્ફોટક પદાર્થ જેવા છે. **સંબંધોની જાળવણી ન કરીએ તો ધડાકાભેર ફાટે છે અને પછી આ ધડાકાના પડઘા જીવનપર્યંત કાનમાં ગૂંજતા રહે છે.**

સંબંધોનો બગીચો જીવનને મહેંકાવે છે, પણ આવા બગીચાના સર્જન માટે દરેક માણસે કુશળ માનવી બનવું પડે છે. સંબંધોને સીંચવા પડે છે. જે સંબંધો સહજતાથી ખીલે છે તે શ્રેષ્ઠ સંબંધો છે. **કેટલાક સંબંધોને ટકાવવા પ્રયત્નો કરવા પડે છે. સૌથી મોટી વાત એ છે કે સંબંધો ટકવા જોઈએ.**

> **રાજા ધનાનંદે સાચી સલાહ આપવા બદલ ચાણક્યનું ભરદરબારમાં અપમાન કર્યું ત્યારે તેમણે નંદવંશને ઉખાડી ન ફેંકે ત્યાં સુધી પોતાના માથાના કેશ નહીં બાંધવા (ઓળવા) ની પ્રતિજ્ઞા કરી હતી**

દરેક લોકો વાતવાતમાં સમાજની દુહાઈ દે છે. સમાજમાં રહેવું હોય તો અમુક સંબંધો સાચવવા પડે. સમાજ એટલે શું? સમાજશાસ્ત્રીઓ પાસે સમાજ માટે અનેક વ્યાખ્યાઓ છે. સાવ સાદી ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે **સમાજ એટલે સંબંધોનો સમૂહ. સંબંધોમાં જ્યારે જબરદસ્તી આવે ત્યારે બળવો થાય છે. સંબંધોમાં મસ્તી હોવી જોઈએ, જબરદસ્તી નહીં.**

મિત્રો વચ્ચે સંબંધો વિષે ચર્ચા ચાલતી હતી. એકે કહ્યું કે, સંબંધો બગીચા જેવા છે. કૂંપળથી માંડીને ફૂલ આવે ત્યાં સુધી તેને સીંચવા પડે છે. બીજા મિત્રની વ્યાખ્યા થોડી જુદી હતી. તેણે કહ્યું કે, **સંબંધો તો આપોઆપ ખીલવા જોઈએ. આ મિત્રનો મત હતો કે, સંબંધો બગીચા જેવા નહીં, પણ જંગલ જેવા હોવા જોઈએ. એકદમ ગાઢ અને તીવ્ર.**

જંગલો વાવવા પડતાં નથી. જંગલોને ખીલવવા પડતાં નથી. ભલે એમ કહેવાતું હોય કે જંગલો આડેધડ ઊગે છે, પણ આડેધડ કે અણધાર્યા સર્જનનું એક અનોખું સૌંદર્ય હોય છે. સંબંધો તો જંગલની જેમ આપોઆપ સર્જાવા જોઈએ. **સંબંધો માટે દરેક વ્યક્તિને પોતાની વ્યાખ્યા હોય છે. સંબંધો માટે દરેક વ્યક્તિ પાસે પોતાની દલીલો પણ હોય છે.**

સંબંધો ક્ષિતિજ જેવા હોય છે. નજીકથી દૂર લાગે, પણ દૂરથી ખૂબ નજીક. લાંબી નજર કરીએ તો પૃથ્વી અને આકાશનું મિલન ક્ષિતિજે થાય છે. **જુદા થઈ ગયા પછી પણ ક્ષિતિજે મિલનનો ભાસ થાય છે. કંઈ નથી હોતું છતાં કંઈક હોય છે.**

એક પિતા-પુત્રી વચ્ચે ઝઘડો થયો. પિતાએ કહ્યું કે, તું આવું ન કર. મારે સમાજમાં મોઢું બતાવવું છે. દીકરીએ કહ્યું કે, સમાજમાં મોઢું બતાવવા માટે તમે મારી સાથે મોઢું મચકોડવા તૈયાર છો? **સંબંધો ઘણી વાર સવાલો બનીને સામા ઊભા રહી જાય છે. આવા સવાલોના જવાબ મેળવવામાં સમજ જ કામ લાગે છે.**

એક મોટી ઉંમરનાં બહેને કહ્યું કે, તેને તેના પતિ સાથે ન બન્યું. સંતાનો પિતા સાથે રહેવા લાગ્યાં હતાં. ઘણાં વર્ષો સુધી આ બહેન એકલાં રહ્યાં. ઉંમર વધતાં વૃદ્ધાશ્રમમાં આવી ગયાં. આ બહેનની એક વાત સ્પર્શી જાય તેવી હતી. તેણે કહ્યું કે, ગળાનું મંગળસૂત્ર જ્યારે ગળામાં ડૂમો બની ભરાઈ જાય ત્યારે મૂંઝારો થવા લાગે છે. **ગળામાં રોજેરોજ બાઝી જતા ડૂમાની મુક્તિનો અહેસાસ મેળવવા મેં મંગળસૂત્ર ઉતારી નાખ્યું. હવે નથી ડૂમો કે નથી કોઈ ફરિયાદ...**

સંબંધોનું સત્ય એ જ છે કે તમે જેને ચાહો છો, તેને તીવ્ર ઉત્કટતાથી પ્રેમ કરો. મતભેદને માન્ય રાખો, પણ મનભેદ ન થવા દો. સંબંધોને સીંચો અને તેને ખીલવા દો. દુનિયામાં કોઈ સંબંધો એવા નથી કે તેમાં મતભેદ ન હોય. સંબંધો શાશ્વત રહેવા જોઈએ. જે પોતાનું છે તેને પારકું ન થવા દો. **સંબંધો માટે એટલું જ કહેવાયું છે કે કોઈ હાથને એટલો દૂર ન જવા દો કે તેને પાછો પકડી ન શકાય.** ■



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર, કોલમિસ્ટ અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત થયેલ છે

# અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપવી હોય તો 30 હજાર સૈનિકોના બદલે 30 હજાર શિક્ષકોને મોકલો



> મેં એવા ગરીબ પરિવારોની તડપન જોઈ છે કે જેઓ તમામ અભાવોની વચ્ચે પણ પોતાનાં સંતાનોને સ્કૂલમાં મોકલવા મથામણ કરે છે, મેં એવો સમાજ જોયો છે, જેમાં ગરીબીમાં જન્મ લેવો એનો મતલબ છે – ગરીબીમાં જ મૃત્યુ પામવું...

આખી દુનિયા જેના ગીત અને ડાન્સ પર પાગલ છે એવી શકીરા માત્ર પોપગાયક કે ડાન્સર જ નથી. આજે આ કક્ષામાં એને સ્થાન એટલા માટે મળ્યું છે કે શકીરા ગાયક અને ડાન્સર હોવા ઉપરાંત સમાજસેવિકા પણ છે. શકીરાએ તેના વતન કોલંબિયામાં રહેતાં ગરીબ બાળકોને મદદ કરવા માટે એક ફાઉન્ડેશન પણ ઊભું કર્યું છે. એમાં ગરીબ બાળકોને તે શિક્ષણ આપવાનું કામ મોટા પાયે કરી રહી છે. તે યુનિસેફની ગુડવીલ ઍમ્બેસેડર પણ છે. ૨૦૧૦માં યુનાઈટેડ નેશન્સ લેબર ઓર્ગેનાઈઝેશન દ્વારા તે સન્માનિત પણ થઈ ચૂકી છે. આવી **શકીરાને તાજેતરમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી ખાતે પ્રવચન આપવા ખાસ આમંત્રિત કરવામાં આવી હતી.**

ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સંબોધન કરતાં શકીરાએ કહ્યું, ‘આ ઓક્સફર્ડ યુનિયનને દુનિયાના મહાન લોકોએ સંબોધિત કર્યું છે, પણ હું તો કોલંબિયાની એક સામાન્ય છોકરી છું. **આ મંચ પરથી સંબોધવા મને તક મળી તે મારા માટે ગર્વની વાત છે.** એ જોઈને મને આનંદ થાય છે કે અહીં આટલાં બધાં વિદ્યાર્થીઓ

અને વિદ્યાર્થિનીઓ હાજર છે, પરંતુ આજે અહીં કોઈ મનોરંજન થવાનું નથી. ના તો હું તમને કોઈ ગીત સંભળાવીશ કે ના તો કોઈ ડાન્સ કરીશ. આજે કેટલાક સામાજિક વિષયો પર વાત કરીશ. અમારા જેવા કલાકારો બહુ કલ્પનાશીલ હોય છે. જ્યારે હું અહીં આવી રહી હતી ત્યારે હું વિચારી રહી હતી કે **પહેલાં આ દુનિયા કેવી હતી અને આવનારાં ૫૦ વર્ષો બાદ કેવી હશે? હું માનું છું કે યુવાનોના વિચાર અને તેમના ઈરાદા જ આ દુનિયાને બદલી શકશે.'**

'હું એવું નથી માનતી કે પહેલાંના પુરાણા દિવસો જ સારા હતા. હું માનું છું કે આવતી કાલ આજ કરતાં પણ વધુ બહેતર હશે. ૫૦ વર્ષ પછી જે પડકારો આવવાના છે તેને પહોંચી વળવા આજથી જ તૈયારીઓ કરવી પડશે. આવતી કાલને સુંદર બનાવવા આજથી જ વિચાર કરવો પડશે. **ભવિષ્યની બાબતમાં મારું એક સ્વપ્ન છે. સમાજની હાલત સુધારવા જે કંઈ કરવું જરૂરી છે તેની શરૂઆત આજથી જ કરવી જોઈએ.'**

શકીરા બોલી હતી, 'આપણે વિશ્વભરમાં શિક્ષણનો પ્રસાર કરવા માગીએ છીએ. **હું સ્પષ્ટપણે માનું છું કે સમાજની હાલત સુધારવા માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે શિક્ષણ... શિક્ષણ દ્વારા જ દુનિયાની સૂરત બદલી શકાશે.** આ મહાન કાર્યમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી જેવી સંસ્થાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આપના જેવા યુવાનો માટે આ કામ આસાન છે. આપણે બધાએ ભેગાં થઈ એક થિન્ક ટૅન્ક બનાવવાની પડશે. આપણે એવા લોકોને સાથે લાવીએ કે જેઓ એકબીજાને પ્રેરિત કરે. આવા જ નેટવર્ક દ્વારા દુનિયાની તમામ સમસ્યાઓ હલ કરી શકાશે. **ટેક્નોલોજીએ આપણા જીવનને બદલી નાખ્યું છે. આ ટેક્નોલોજીની મદદથી જ દુનિયાની પરેશાનીઓ દૂર કરવાની છે.'**

શકીરા કહે છે, 'હું માનું છું કે શિક્ષણ ઉમ્મીદોની ટિકિટ છે. શિક્ષણ જ સ્વપ્નો પૂરાં કરવાનો માર્ગ છે. મારો જન્મ કોલંબિયામાં થયેલો. મેં પોતે સામુદાયિક સંઘર્ષ અને હિંસાના દર્દને અનુભવ્યું છે. મેં લોકોને ગરીબી અને અસમાનતાના ડંખને સહન કરતાં જોયાં છે. વિકાસશીલ દેશો માટે શિક્ષણ વિલાસિતા અર્થાત્ લક્ઝરી છે, અધિકાર નથી. **આવા દેશોમાં દરેક બાળકને શિક્ષણ પ્રાપ્ત થવાનું નસીબમાં હોતું નથી.** માત્ર ધનવાન અને સંપન્ન લોકો જ પોતાનાં બાળકોને ભણવાની સુવિધા આપી શકે. મેં એવા ગરીબ પરિવારોની તડપન જોઈ છે કે, જેઓ તમામ અભાવોની વચ્ચે પણ પોતાનાં સંતાનોને સ્કૂલમાં મોકલવા મથામણ કરે છે. **મેં એવો સમાજ જોયો છે, જેમાં ગરીબીમાં જન્મ લેવો એનો મતલબ છે - ગરીબીમાં જ મૃત્યુ પામવું.'**

'હું નથી માનતી કે દુનિયાના દરેક બાળકને શિક્ષણ આપવું અસંભવ છે. સરકાર અગર નિર્ણય કરી લે તો દરેક બાળકને શિક્ષણ આપવું શક્ય છે. **વિશ્વનાં તમામ ગરીબ બાળકોને શિક્ષણ મફત હોવું જોઈએ. આ માટે સ્કૂલની ફી માફ કરવી પડશે.** શ્રેષ્ઠ શિક્ષકોની ભરતી કરવી પડશે અને ગરીબ બાળકોને મફત પુસ્તકો આપવાં પડશે. દરેક બાળકને સ્કૂલમાં જ વિનામૂલ્યે ભોજન આપવું પડશે. કોઈ પણ બાળક ભૂખ્યા પેટે ભણી શકે નહીં. હું એક વાત અહીં સ્પષ્ટ કરી દેવા માગું છું કે શિક્ષણ પર ખર્ચ કરવાનો મતલબ એ નથી કે તમે કોઈ દાન કરી રહ્યા છો, કોઈ પર અહેસાન કરી રહ્યા છો. **બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપીને જ આપ આપના દેશને જ શ્રેષ્ઠ બનાવી શકશો.'**

> **'હું નથી માનતી કે દુનિયાના દરેક બાળકને શિક્ષણ આપવું અસંભવ છે. સરકાર અગર નિર્ણય કરી લે તો દરેક બાળકને શિક્ષણ આપવું શક્ય છે. વિશ્વનાં તમામ ગરીબ બાળકોને શિક્ષણ મફત હોવું જોઈએ**

શકીરા કહે છે, 'શિક્ષણ દ્વારા જ દુનિયામાં શાંતિ અને સ્થિરતા લાવી શકાશે. આર્થિક તંગી અને બેહાલ પરિસ્થિતિમાં જીવતાં બાળકો ખોટા માર્ગે જવાની શક્યતા છે. આતંકી સંગઠન તેમને લાલચ આપીને બહેકાવી શકે છે. તેઓ ડ્રગ્સ અને અપરાધની દુનિયામાં જઈ શકે છે. બાળકોને સ્કૂલે મોકલીને આપણે તેમને એ રસ્તે જતાં રોકી શકીશું. **હું ઈચ્છું છું કે શિક્ષણ જ વિશ્વશાંતિનો એક હિસ્સો બને.** આપણે અફઘાનિસ્તાનમાં શાંતિ મિશન માટે ૩૦ હજાર સૈનિકોના બદલે ૩૦ હજાર શિક્ષકોને મોકલીએ અને તે ત્યાંનાં બાળકોને ભણાવે. શિક્ષણ જ દુનિયામાં ક્રાંતિ લાવી શકશે. **શાંતિ મિશનનો મતલબ એ નથી કે દુનિયાભરના દેશો પર દાદાગીરી કરવી. બલકે તેનો મતલબ છે દુનિયાને શિક્ષિત કરવી. હું આવા સુંદર ભવિષ્યનું સપનું નિહાળી રહી છું.'**

...અને શકીરાનું પ્રવચન અહીં પૂરું થાય છે. **ઓક્સફર્ડ યુનિવર્સિટીનો આખોય હૉલ તાળીઓથી ગૂંજી ઊઠે છે. ભાગ્યે જ કોઈ નેતાએ આવું પ્રવચન કર્યું છે.**

અફઘાનિસ્તાનમાં તાલિબાનોની સરકાર આવ્યા બાદ તાલિબાની શાસકોએ છોકરીઓને સ્કૂલ કે કૉલેજમાં ભણવા જવા પર પ્રતિબંધ મૂક્યો છે ત્યારે **પોપસિંગર - નર્તકી શકીરાની આ વાતો કેટલી બધી પ્રસ્તુત છે તે તેમને કોણ સમજાવે?** ■

## કોણ છે શકીરા?

આખું નામ છેઃ ઇઝાબેલ મેબારક રિપોલ શકીરા, પણ આખી દુનિયા તેને માત્ર શકીરાના નામે જ ઓળખે છે. તે ગાયક છે, ડાન્સર છે અને કોરિયોગ્રાફર પણ છે. 'હિપ્સ ડોન્ટ લાઈ' શીર્ષકવાળા મ્યુઝિક આલબમથી તે આખા વિશ્વમાં જાણીતી છે. કોલંબિયામાં જન્મેલી શકીરા 'વ્હેન એવર વ્હેર એવર' તથા 'વાકા વાકા' ગીતોથી પણ જાણતી છે. શકીરા અત્યાર સુધીમાં બે ગ્રેમી એવોર્ડ્સ, સાત લેટિન ગ્રેમી એવોર્ડ્સ અને ૧૨ બિલબોર્ડ લેટિન મ્યુઝિક એવોર્ડ્સ જીતી ચૂકી છે. લોકો તેને બેલી ડાન્સર તરીકે વધુ ઓળખે છે, પરંતુ ઘણા ઓછા લોકોને એ વાતની ખબર છે કે- લેબેનિઝ પિતા અને કોલંબિયન માતાની પુત્રી શકીરાએ માત્ર આઠ વર્ષની વયે તેનું પહેલું ગીત લખ્યું હતું અને ૧૩ વર્ષની વયે પહેલું ગીત રેકોર્ડ કરાવ્યું હતું.

કવર સ્ટોરી



**શાસ્ત્રી હિમાંશુ વ્યાસ,**
લેખક જ્યોતિષાચાર્ય તથા હનુમાનજીના ઉપાસક છે

## ‘તુમ રક્ષક કાહુ કો ડરના...’

# પવનપુત્ર હનુમાનજીને જન્મ આપનારાં અંજની માતાનું ગુજરાતનું એકમાત્ર મંદિર તમે જોયું છે?

**હનુમાનજી મા સીતાના આશીર્વાદથી અષ્ટ સિદ્ધિ-નવ નિધિના દાતા છે. સીતા માતાએ તેમને એમ પણ કહ્યું હતું કે, ’હે હનુમાન... તું ચિરંજીવી થા. તારાં ઠેર ઠેર મંદિરો બનશે.’**

ત્રેતાયુગના વિજયી વીર મહાબલિ હનુમાનજી મહારાજ અજર અમર છે. સાત ચિરંજીવીની સૂચિમાં તેમનો સમાવેશ થયેલો છે. જેમાં અશ્વત્થામા, બલિરાજા, વેદવ્યાસ, હનુમાનજી મહારાજ, મહાત્મા વિભીષણજી, કૃપાચાર્યજી અને ભગવાન પરશુરામ છે. તેમનો પ્રભાવ ચારેય યુગમાં જબરદસ્ત પડે છે. તેઓ મનની જેમ શીઘ્રગામી છે. વાયુની જેમ ભારે વેગીલા છે. **તેઓ જિતેન્દ્રિય છે તથા સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન છે. આવા પરમ શકિતશાળી અષ્ટ સિદ્ધિ નવ નિધિના દાતા હનુમાનજી મહારાજ છે.** તેમનો જન્મ ચૈત્ર સુદ પૂનમે થયો છે. ચૈત્ર મહિનામાં જે કોઇ જાતક જન્મે છે તે પરમ બુદ્ધિશાળી અને ભારે ચપળ હોય છે. ઘણા હનુમાન ભકતોના માનવા મુજબ ચૈત્ર સુદ અગિયારશે તેમનો જન્મ થયેલ છે. શાસ્ત્રો અનુસાર તેમનો જન્મ ચૈત્ર સુદ પૂનમનો છે. આ વર્ષે હનુમાન જયંતી તા. ૬ એપ્રિલ ને ગુરુવારે છે. આ દિવસે જો કોઈ ભક્ત અનન્ય શ્રદ્ધાથી એક જ બેઠકે - એક આસને - શાંત ચિત્તે હનુમાન ચાલીસાના ૧૦૮ પાઠ કરે તો તેની તમામ શુભ મનોકામનાઓ પૂર્ણ થાય છે. **સંત તુલસીદાસજી મહારાજે હનુમાન ચાલીસાની રચના કર્યા પછી તેને સિદ્ધ કરવા માટે પોતાનું તમામ તપ હનુમાન ચાલીસાને અર્પણ કર્યું છે.**

રામાયણ, મહાભારત તથા આપણા સમાજમાં હનુમાનજી વિશે ઘણું બધું લખાયું છે. તેમનાં પરાક્રમોની ગાથા લગભગ દરેક ગ્રંથમાં જોવા મળે છે. રામાયણના દરેક પ્રસંગો હિન્દુ લગભગ જાણે છે. **મહાભારતના યુદ્ધમાં અર્જુનના રથ ઉપર ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી હનુમાનજી બિરાજમાન હતા,** જેના કારણે અર્જુન ઉપર ભયંકર શક્તિઓ





કર્ણ દ્વારા તથા બીજા અનેક મહારથીઓ દ્વારા છોડવામાં આવી છતાં અર્જુનનો રથ યુદ્ધના અંત સુધી અક્ષુણ્ય રહે છે. તેના રથને ઊની આંચ આવતી નથી. આવા પ્રચંડ પરાક્રમી હનુમાનજી મહારાજનાં ઠેર ઠેર મંદિરો જોવા મળે છે. **ભારતનું કોઈ ગામ એવું નહીં હોય, જ્યાં હનુમાનજી મહારાજનું મંદિર ના હોય.**

મહાભારતના યુદ્ધમાં એક વખત વાયુનંદન ભીમનું અભિમાન પણ હનુમાનજીએ તોડ્યાનો ઉલ્લેખ છે, જ્યારે સીતામાતાની શોધ માટે હનુમાનજી લંકા ઓળંગવા જાય છે ત્યારે સર્પમાતા સુરસા હનુમાનજીને ગળી જવા માટે પળે પળે વિસ્તરતી જાય છે. એક સમયે તે એટલું વિરાટ સ્વરૂપ ધારણ કરે છે કે હનુમાનજી મનમાં વિચારે છે કે આ આસુરી શક્તિ છે. તેને બળથી જીતવાને બદલે કળથી જીતું. એમ વિચારીને તેમણે ખૂબ નાનું સ્વરૂપ લઈને સુરસાના મુખમાં પ્રવેશી, બહાર નીકળી તેને પ્રણામ કરીને પ્રભુ શ્રીરામનું કાર્ય કરવા માટે આગળ જવાની અનુમતિ માગી. **તેમનું આ બુદ્ધિ કૌશલ્ય જોઈને સુરસા દંગ થઈ ગઈ અને તેમને ગળી જવા આવી હતી તે ભૂલીને હનુમાનજીને આશીર્વાદ આપી દીધા.**

આ પ્રસંગ બતાવે છે કે હનુમાનજી મા સીતાના આશીર્વાદથી અષ્ટ સિદ્ધિ-નવ નિધિના દાતા છે. સીતા માતાએ તેમને એમ પણ કહ્યું હતું કે, **'હે હનુમાન... તું ચિરંજીવી થા. તારાં ઠેર ઠેર મંદિરો બનશે.'**

હનુમાનજી અને હનુમાન જયંતી વિશે તો ઘણું બધું લખાઈ ચૂક્યું છે. આજે આપણે અહીં હનુમાનજીને જન્મ આપનારાં માતા અંજની વિશે જાણીશું. અંજની માતાનું ગુજરાતનું એકમાત્ર છે. અમદાવાદ શહેરના થલતેજ ખાતે દૂરદર્શન ચાર રસ્તા પાસે હનુમાનજીનાં પરમ સાધ્વી અંજની માતાનું ખૂબ સુંદર મંદિર આવેલું છે. **આ મંદિરમાં મા અંજનીના ખોળામાં બાળ હનુમાનજી જોવા મળે છે. અંજની માતાની મૂર્તિ ખૂબ જ ભવ્ય છે.**

મા અંજની પૂર્વ જન્મમાં દેવરાજ ઈન્દ્રના દરબારમાં પુંજિકસ્થલા નામનાં અપ્સરા હતાં. દેવરાજ ઈન્દ્રને મળવા આવેલ ઋષિનો અજાણતાં તેમનાથી અપરાધ થઇ ગયો. ઋષિએ તેમને શ્રાપ આપ્યો કે, "જા તું પૃથ્વી ઉપર વાનરી સ્વરૂપ પામ. જેના ધ્યાનમાં તું મગ્ન થઈ મારો આદર સત્કાર કરવાનું ભૂલી ગઇ છે તેનાથી તારો ક્યારેય પણ મેળાપ થશે નહીં." અપ્સરાએ ઘણી આજીજી કરતાં ઋષિએ તેને આશીર્વાદ આપ્યા કે, "જ્યારે તું જે સ્વરૂપ ઈચ્છીશ તે સ્વરૂપ તને પ્રાપ્ત થશે. **જેના ધ્યાનમાં તું લીન થઈ મને સત્કારવાનું ભૂલી ગઈ છે તેના પુત્રની તું માતા બનીશ."**

બીજા જન્મમાં આ અપ્સરા વાનરકુળમાં અંજની સ્વરૂપે જન્મ્યાં. ઋષિના શ્રાપને લીધે તેમને પૂર્વ જન્મ યાદ નહોતો. રાજકુમારી અંજનીનાં લગ્ન સુમેરુ પર્વતનાં મહાપ્રતાપી વાનરરાજ કેસરી સાથે થયાં હતાં. રાજકુમારી અંજની હવે સુમેરુનાં મહારાણી બન્યાં.

ભગવાન શિવ તેમના ૧૧મા રુદ્રનો અવતાર લેવા ઈચ્છતા હતા. તેમણે પવનદેવને આદેશ આપતાં તેમણે અંજની માતાના ગર્ભમાં શિવજીના અંશને સ્થાપિત કરી આપ્યા.

આમ હનુમાનજી મહારાજ નાનપણથી જ પવનવેગી હતા. **એક વખત સવારના ઊગતા સૂર્યની લાલ ક્રાંતિ જોઇ તેમની ભૂખ ઊઘડી જતાં તેઓ ઊડીને સૂર્યદેવને ગળી ગયા.** સમગ્ર પૃથ્વી ત્રિચરાચર અંધકારમય થઇ ગઈ. દેવતાઓ દોડયા. ઈન્દ્રએ વજ્ર માર્યું. તેઓ નીચે પડયા. તેમની દાઢી ભાંગી જતાં તેઓ હનુમાન બન્યા. તેમનું નામ એ પહેલાં બજરંગ હતું.

અમદાવાદના દૂરદર્શન ચાર રસ્તા પાસે આવેલા અંજની માતાના મંદિરનું એટલું બધું સત છે કે અહીં ભક્ત જે શુભ માનતા રાખે છે તે પૂર્ણ થાય છે જ. **મા અંજની, બાલ હનુમાનજી તથા હનુમાનજીની નયનરમ્ય મૂર્તિ અહીં આવતાં જ જે તે ભક્તોને પરમ શાંતિ આપે છે.** આ મંદિરના મહંત વિજયદાસજી બાપુ કહે છે, "આ વર્ષે હનુમાન જયંતી તા. ૬-૪-૨૦૨૩ ને ગુરુવારે છે. હનુમાનજી મહારાજ ભગવાન શંકરના ૧૧મા રુદ્ર અવતાર છે. શાસ્ત્રો અનુસાર હનુમાનજીનું પ્રાગટ્ય મંગળવારે થયું હતું. વળી, હનુમાનજી પણ ૧૧મા રુદ્ર અવતાર છે. દર વર્ષે હનુમાન જયંતીના પાવન પ્રસંગે મંદિર ખાતે વિવિધ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે." ઉલ્લેખનીય છે કે અંજની માતાના મંદિર દ્વારા ગરીબોને દરરોજ સાંજે રામરોટી તથા વસ્ત્રદાન અને ગરીબોને મફત દવા પણ આપવામાં આવે છે. **દર વર્ષે આ મંદિર દ્વારા ઉનાળાની ગરમી દરમિયાન મફત છાશનું પણ વિતરણ કરવામાં આવે છે.**

છેલ્લાં ઘણાં વર્ષોથી આ મંદિરમાં અનેરી-અનોખી સેવા આપતા હનુમાનજીના પરમ ભક્ત લોકેશભાઈ કહે છે, "આ મંદિરમાં ઘણાં વર્ષોથી સુંદરકાંડ, પૂજા-અર્ચના તેમજ હવનમાં ખૂબ આહુતિઓ અપાતી હોવાથી આ સ્થાન બહુ જ પવિત્ર થઈ ગયું છે. અહીં આવતાં એક અનેરી દિવ્ય ઊર્જાનો આપણને અનુભવ થાય છે." ■

# નારી સૃષ્ટિ



**રજની પટેલ**
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# શ્રદ્ધા પાછળની અંધશ્રદ્ધા



**રુક્ષ્મણીબહેનને એમની શાળામાં ઊગેલાં વિદ્યાવાડીનાં ફૂલ નહોતાં ગમતાં, નાના બાળકના રૂદિયાની રેતી પર રમતારામનાં દર્શન કરવાની એમને આદત નહોતી, પણ પથ્થરની મૂર્તિમાં વસતાં ભગવાનને પોઢાડવામાં, ભગવાનને ભાવતું ભોજન કરાવવામાં એમને રસ હતો**

કપાળ પર જૂના જમાનાના રૂપિયા જેવડો ગોળ કંકુનો ચાંદલો, ગળામાં તુલસીની મોટા મોટા મણકાવાળી માળા, હાલતાં-ચાલતાં પણ રૂક્ષ્મણીબહેનનો અંગૂઠો એમની આંગળીઓના વેઢા પર ફર્યા કરતો અને જાણતાં કે અજાણતાં તેઓ ભગવાન પ્રત્યેની આસક્તિમાં ઓતપ્રોત રહેવાનો બાહ્ય દેખાવ કરતાં રહેતાં. પણ **શ્રદ્ધાની પાછળ પોતાની અંધશ્રદ્ધાના દીવાને વધુ મહત્ત્વ આપતાં હોય એવું લાગ્યા કરતું હતું.**

આમ તો તેઓ ગામડાની પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતાં. વિદ્યાવાડીના દરેક ફૂલમાં આમ તો સુવાસ સ્વરૂપે ભગવાન કહો કે દેવી-દેવતા એમનાં દિલમાં વસેલાં હોય છે, પણ ન જાણે રૂક્ષ્મણીબહેનને એમાં રસ નહોતો. વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કરવામાં એમને જરાયે રસ નહોતો. એટલે તો સ્કૂલનાં બાળકો સવારે લયબદ્ધ રીતે પ્રાર્થના દિલથી ગાતાં હોય ત્યારે તેઓ જો બાળક સ્પર્શી જાય તો ઘરે ફરી નહાવા જવું પડશે એ બીકથી અલગ ખુરશી નાખીને કાયમી ટેવાયેલી આંગળીઓ વડે કોઈક મંત્ર બોલ્યે રાખતાં. તો **ક્યારેક મંત્રની બુકમાં મંત્ર ટપકાવ્યા કરતાં, પણ એમનું મન તો સાંજે બનનારા ભીંડાના શાકમાં જ ચોંટ્યું રહેતું.**

સવારથી શરૂ થતી ભક્તિની એમની ભાવવિભોરતામાં ક્યાંક સ્કૂલનાં બાળકોનું નૂર હણાઈ જાય તો ક્યારેક કલમનો 'ક' ન જાણતા બાળકની ભવિષ્યની એમને લગીરે પરવા નહોતી.

ક્યારેક પ્રિન્સિપાલ ક્લાસમાં ચઢી આવેતો એમને પણ તેઓ કહી દેતાં કે 'ભગવાનનું નામ લઈએ છીએ. તમારી જેમ ગામગપાટા નથી મારતાં.' તો ક્યારેક સવિતાબહેન એમને કહેવા આવતાં કે, 'રૂક્ષ્મણીબહેન, તમારા વર્ગમાં અવાજ જરા ઓછો કરાવો ને... બાજુના ક્લાસમાં ભણાવવામાં તકલીફ પડે છે...' ત્યારે તાડૂકીને જાણે ઝઘડો કરતાં હોય તેમ કહેતાં, **'જોઈ મોટી ભણાવવાવાળી. મારાં છોકરંઓ તારા ક્લાસમાં થોડો અવાજ કરવા આવે છે? તારે ભણાવવું હોય તો ભણાવ. મને મારું કામ કરવા દે.'** અને તેઓ મંત્રજાપની બુકમાં જોઈ મંત્ર-જાપ કરવાની શરૂઆત કરી દેતાં.

રૂક્ષ્મણીબહેનને એમની શાળામાં ઊગેલાં વિદ્યાવાડીનાં ફૂલ નહોતાં ગમતાં. નાના બાળકના રૂદિયાની રેતી પર રમતારામનાં દર્શન કરવાની એમને આદત નહોતી, પણ પથ્થરની મૂર્તિમાં વસતાં ભગવાનને પોઢાડવામાં, ભગવાનને ભાવતું ભોજન કરાવવામાં એમને રસ હતો. એમને કબૂતરના 'ક'માં કે એકડે એકમાં રસ નહોતો. **એમને તો માત્ર બાળકોના કાનમાં નાના-મોટા ધાર્મિક મંત્રો અને ભગવાનના જાપ ઘુસાડવામાં રસ હતો. એ મંત્રોનો અર્થ જાણવાનો એમણે આજ સુધી પ્રયત્ન નહોતો કર્યો.**

શાળાનો સાંજની છુટ્ટીનો ઘંટ વાગે એ એમની અંતિમ ઇચ્છા રહેતી. ઘરે જઈ, સ્વચ્છ પાણીથી સ્નાન કરી, પવિત્ર થયાનો અહેસાસ કરતાં. પણ પવિત્ર બાળકોના ઝરણામાં ક્યારેય ડૂબકી મારવાનો પ્રયત્ન નહોતાં કરતાં. **ઘરમાં એમના આવવાની કોઈને ઇંતેજારી નહોતી. એ પછી એમના પતિ હોય કે એમનાં બે બાળકો...**

ઘરે આવતાવેંત શરૂ થતી એમની રોજની રામાયણ... 'જુઓ, હું મંદિરે જાઉં છું. દૂધવાળો આવે તો દૂધ લેવાનું ભૂલતાં નહીં. તમારું મગજ છે કે માટલું એનું કાંઈ નક્કી નહીં. અને હા, **હું ઘરે આવું ત્યાં સુધી ઘર ખુલ્લું મૂકીને બહાર જતા નહીં. આ બાજુવાળીનાં લક્ષણ બરોબર નથી.'**

અને રૂક્ષ્મણીબહેનના પતિ બિચારા કશું બોલ્યા વિના રામાયણને રામાયણ જ રહેવા દેતા. કદી એને મહાભારતનું સ્વરૂપ ન આપતા. રૂક્ષ્મણીબહેન બરાડી ઊઠતાં, 'મનિયા, તેં શાળાનું લેસન કર્યું? અને હા, ન કર્યું હોય તો કરી નાખજે. પાછો ભાટકવા ન ચાલ્યો જતો. પોયણી, તારે પણ ક્યાંય તારી કૉલેજની બહેનપણી સાથે ભાટકવા નથી જવાનું, સમજી ને ?' **શિખામણો આપ્યા પછી સ્નાન કરીને, શુદ્ધ થઈને કપાળમાં મોટો ચાંદલો કરી, હાથમાં પ્રસાદનો થાળ લઈને તેઓ મંદિરે પ્રયાણ કરતાં.**

હજી તેઓ મકાનની બહારની નીકળે ત્યાં જ રસ્તા પર લગભગ સિત્તેરેક વર્ષની વયનો કેડે વળી ગયેલો એક અપંગ વૃદ્ધ 'ત્રણ દિવસથી ભૂખ્યો છું' એમ કહીને એની વેદનોને વાચા આપે ત્યાં જ તેઓ તાડૂકી ઊઠતાં, 'ભગવાને તારો બીજો પગ કેમ ન કાપી નાખ્યો? સાલા પાડા જેવો છે, મહેનત કરવી નથી. મફતું ખાવાનું આદત જ પડી છે. જા, અહીંથી જા...' **બિચારો એ અપંગ એની નજરથી રૂક્ષ્મણીબહેનના હાથમાં રહેલી થાળીમાં દેખાતા પેંડાથી, એના જઠરાગ્નિને માંડ બુઝાવતો ઘોડીના ટેકે દૂર ચાલ્યો જતો.**

મંદિરના પ્રાંગણમાં આવેલા બગીચામાંથી થેલી ભરીને ચૂંટી શકાય એટલાં ફૂલ રૂક્ષ્મણીબહેન ક્રૂરતાથી ચૂંટતાં. તુલસીયુક્ત પેંડાનો પવિત્ર થાળ, ફૂલોનો ઢગલો, **આ ઉપરાંત કહેવાતા ચંદનના લેપને એમણે કપાળે લપેડવાનું શરૂ કર્યું. પૂજારીના પગે પડીને પોતાની જાતને ધન્યતા અર્પતાં.**

# નારી સૃષ્ટિ

ભક્તિભાવમાં તલ્લીન એવાં રૂક્ષ્મણીબહેનનો આ અંધશ્રદ્ધાની પાછળ છુપાયેલો નિજાનંદ હતો, પણ નિજાનંદની પાછળ વેદના ડૂસકાં ભરતી હતી અને એટલે જ તો આજે એમના વર્ગના એક પણ બાળકને એકડો નો'તો આવડતો. બધા જ વાર્ષિક પરીક્ષામાં નાપાસ થતા. એમને આચાર્યે નોટિસ ફટકારી. એમના પતિના દિલમાં નફરતની આંધી પેદા થતાં જૂનાગઢ જઈને એ બાવો બની ગયો. એમની એકની એક ફૂલ જેવી દીકરી પ્રેમ અને હૂંફ ન મળતાં ચાની રેંકડીવાળાને પ્રેમ કરી ભાગી ગઈ. એમનો પુત્ર જિંદગીની શાળામાં કાંઈક શીખે અને એમની મમતાનો હાથ એના માથે ફરે તે પહેલાં તો દારૂની લતે ચઢી ગયો. **આંગણામાં રહેલા તુલસીક્યારાની તુલસી પરથી ચૂંટાતાં ઢગલાબંધ પર્ણો ગુમાવતાં એ નારાજ થઈ સુકાઈ ગઈ. બગીચાના એક પણ છોડ પર પુષ્પો ન રહ્યાં.**

રૂક્ષ્મણીબહેન હવે ચિડાઈ ગયાં હોય એવું લાગતું. એમની એકલતા એમને કોરી ખાતી. રૂક્ષ્મણીબહેને વિચાર્યું કે આજે તો હિંમત કરી દેવ-દેવીઓને કહી દેવું છે કે તમારી આટઆટલી ભક્તિ કરી છતાં હું દુઃખી કેમ? મારી ભક્તિમાં એવી તે કઈ ખામી હતી? અને તેઓ સડસડાટ પહોંચી ગયાં મંદિરે. ભગવાન ખુદ જ અટ્ટહાસ્ય કરતા હોય તેવું એમને લાગ્યું. ભગવાનની આંખોમાંથી કરુણાનાં આંસુની ધાર વહેવા લાગી અને ત્યાં જ ગગનચુંબી પડઘાના સ્વરે ભગવાન બોલ્યા, 'બેટા રૂક્ષ્મણી, મારા મંત્રને તેં ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે? તો સાંભળ બેટા, બ્રહ્મસ્વરૂપ સૂર્યનારાયણના શુદ્ધ સ્વરૂપને અમે સ્મરીએ છીએ, જે અમારી પ્રજ્ઞાને પ્રેરે છે. સત્ચિત્ત આનંદ સ્વરૂપે પરમાત્માને અમે નિરંતર જપીએ છીએ કે જે અમને જ્ઞાન સ્વરૂપ બનાવી માર્ગ પ્રેરિત કરે છે. બેટા રૂક્ષ્મણી, મારા મંત્રનો આ ભાવાર્થ છે. જ્ઞાનસ્વરૂપ થઈને તારે વિદ્યાવાડીનાં ફૂલોમાં નિરંતર મહેકવાનું હતું. જ્યોતિની જ્યોત બનીને તારે તારા ઘરને પ્રકાશમય બનાવવાનું હતું. **સૂર્યનારાયણનું શુદ્ધ સ્વરૂપ હું તુલસીમાં અને ક્યારીનાં ફૂલોના પમરાટમાં મહેકું છું.** એને ચૂંટી નાખવાથી શું ફાયદો? સૂર્યનારાયણના સંપૂર્ણ સ્વરૂપનો તારામાં રહેલી અંધશ્રદ્ધાના અંધારાને ઓલવવામાં ઉપયોગ કર. જા રૂક્ષ્મણી, વિદ્યાવાડીનાં ફૂલો તારી રાહ જુએ છે. માત્ર અંધશ્રદ્ધાથી પ્રેરાઈને હું કોઈને દર્શન નથી દેતો. તારા ભીતરને ઢંઢોળ. મારો વાસ તારી ભીતર જ છે. જો તને નિહાળતાં આવડતું હોય તો... હું કોઈક દરીદ્રનારાયણની આંખોમાંથી નીકળતા આંસુ સ્વરૂપે છું તો વિદ્યાવાડીના દિલની સમીપ મારો વાસ છે. **હું તારા પતિના પ્રેમમાં રાજી રહું છું તો ક્યારેક તારાં બાળકોની અપેક્ષામાં લપાયેલો હોઉં છું. જા રૂક્ષ્મણી... હું હવે તને મંદિરની મૂર્તિમાં ક્યારેય નહીં મળી શકું. હું મળીશ તને માનવતાની મહેકમાં...'** ■






પ્રવીણ કે. લહેરી
લેખક પૂર્વ ચીફ સેક્રેટરી અને વિદ્વાન કોલમિસ્ટ છે

# શું કળિયુગ આવી રહ્યો છે?



સમૂહજીવન એ માણસની પ્રાથમિક જરૂરિયાતોમાંની એક છે. પરસ્પરનો સહયોગ અને બુદ્ધિમત્તાથી માનવીએ સમગ્ર જીવનસૃષ્ટિમાં અનેરો વિકાસ સાધ્યો છે. પ્રેમ, વિવેકબુદ્ધિ, સેવાભાવના, સંવેદનશીલતા અને સંયમ જેવા ગુણોના કારણે બહુ સુખપૂર્વક સાથે રહી શકે છે. પરિવાર, સંબંધીઓ, સ્નેહી-મિત્રો અને વિવિધ જૂથો સાથે રહીને વ્યક્તિ કુશળ બને છે, પ્રસન્નતા અનુભવે છે અને સલામતી પ્રાપ્ત કરે છે. **ઔદ્યોગિક ક્રાંતિ બાદ થયેલા શહેરીકરણના કારણે મોટાં સંયુક્ત કુટુંબોની જગ્યાએ પતિ, પત્ની અને તેમનાં એક-બે બાળકોનું નાનું કુટુંબ આજે સર્વત્ર જોવા મળે છે.** વ્યક્તિગત સ્વતંત્રતા, ઈચ્છા મુજબ અને પસંદગી પ્રમાણે વિવિધ કાર્યો કરવાની મોકળાશ આપણા મૂળભૂત અધિકારનો ભાગ બની છે. આ સાથે આપણે વર્તમાનપત્રમાં વાંચીએ કે ટેલિવિઝનમાં જોઈએ તે સમાચારોમાં મુખ્યત્વે હિંસા,

**આપણી કમનસીબી છે કે આજે પરિવાર સાથેના વ્યક્તિઓના સંબંધો કથળી ગયા છે, પરિવારમાં સલામતીની જગ્યાએ ગુનાઓ દ્વારા અકલ્પ્ય અને અસહ્ય વર્તન થઈ રહ્યું છે**

દુષ્કર્મ, આક્રમક વલણ અને ઈર્ષ્યા-વેર જેવા ભાવો સાથે નિહાળવાનું કે વાંચવાનું થાય ત્યારે આપણને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય, ‘આપણું શું થવાનું છે?’’ **શું આપણે માનવી મટીને પશુ જેવું અને હકીકતમાં તો તેનાથી પણ બદતર વર્તન કરી શું સિદ્ધ કરવા માંગીએ છીએ?** સ્નેહ, સુરક્ષા, કરુણા અને સેવા વિના સમાજ ટકી શકશે? જે સમાચારો આવે છે તેમાં પિતાએ ૮ વર્ષની સગી પુત્રી પર દુષ્કર્મ કર્યું, અઢી વર્ષની પોતાની દીકરીની હત્યા કરી; પતિએ ૪૫ વર્ષના દાંપત્યજીવન બાદ નજીવી બાબતની તકરારને કારણે પત્નીની હત્યા કરી, પોતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો. પ્રેમીએ પ્રેમિકાને સખત માર માર્યો, છતાં ‘હું તેને સુધારીશ’ એવી માન્યતા સાથે તેની સાથે રહેલી પ્રેમિકાની હત્યા કરી ટુકડા કરી નાખી ડીપ ફ્રીઝમાં રાખ્યા. **એક કન્યાએ ફેસબુકના મિત્રના કહેવાથી મા-બાપને ઘેનની દવા પાઈને ઘરમાંથી રોકડ રકમ, મોબાઈલ ફોન, ક્રેડિટ કાર્ડ વગેરે લઈ દૂરના શહેરમાં કોઈ હોટેલમાં વિધર્મી અને જૂઠું બોલનાર સાથે રાતો વિતાવી.**

ક્યારેક તો આપણને લાગે કે શું આ કળિયુગનું પ્રથમ ચરણ છે? આવી અંધાધૂંધી વ્યાપી છે ત્યારે ભવિષ્ય કેવું હશે? શા કારણે વ્યક્તિઓનું વર્તન સંયમ અને વિવેકને સાવ વીસરી જઈને આટલી હદે વિકૃત બન્યું છે? **આ ઘટનાઓને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ કઈ રીતે મૂલવી શકાય? જાગૃત નાગરિકોએ આ સ્થિતિમાં સુધારો લાવવા શું કરવું જોઈએ?** સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે, “અતિ સ્નેહ ધરાવતી વ્યક્તિમાં શંકા હોવાની હકીકત છે.’’ પરિવારનો પાયો પ્રેમ છે, પરિવારની ઉષ્મા, કાળજી અને પ્રોત્સાહન જ વ્યક્તિની શક્તિઓને વિકસાવે છે અને તેને નિખારે છે. પરિવારનું વાતાવરણ આનંદ-કિલ્લોલ, શ્રદ્ધા અને વિશ્વાસ, ઉમંગ અને પ્રોત્સાહનથી ભર્યું હોય, તો તે વ્યક્તિને સ્વર્ગની અનુભૂતિ કરાવે છે. આપણી કમનસીબી છે કે આજે પરિવાર સાથેના વ્યક્તિઓના સંબંધો કથળી ગયા છે. પરિવારમાં સલામતીની જગ્યાએ ગુનાઓ દ્વારા અકલ્પ્ય અને અસહ્ય વર્તન થઈ રહ્યું છે. આ ઉપરાંત મોબાઈલ ફોન, સૌની અલગ અલગ અગ્રતા અને સ્વકેન્દ્રી વલણના કારણે વ્યક્તિ પરિવારમાં રહીને પણ એકલતા અનુભવે છે. **હૂંફના અભાવે નિરાશા-હતાશાને કારણે માનસિક બીમારીનો શિકાર બને છે.**

બાળક હજી માંડ ત્રણ વર્ષનું થાય, ત્યાં તેને નર્સરી-કેજીમાં મોકલવામાં આવે છે. અન્ય બાળકો સાથે હળવું-ભળવું, રમવું,

# સમાજ સૃષ્ટિ



સ્નેહ આપવો તેવા અભિગમને બદલે બાળકને અક્ષર, અંક, શબ્દો, ગણિત કેમ જલદી આવડી જાય અને અન્ય બાળક કરતા વધારે ચાલાક અને હોંશિયાર દેખાય તેની ચિંતા માતા-પિતા કરે છે. **બાળક માતા- પિતાની અપેક્ષામાં સહેજે ઊણું ઊતરે તો તેને ધમકાવી, ડરાવી તેને ન ગમતું કામ કરાવતી વખતે બાળમાનસ પર આની શું વિપરીત અસર થાય છે તેનો ઘણી વાર ખ્યાલ રહેતો નથી.** બાળઉછેર અંગે યુવાનો માટે ડગલે ને પગલે સ્પર્ધા છે. કૉલેજમાં પ્રવેશ જોઈએ છે? નોકરી મેળવવી છે? કોઈ ક્ષેત્રે નામના પ્રાપ્ત કરવી છે? કમાણી કરવી છે? આ દરેક પ્રસંગે ગળાકાપ હરીફાઈનું વાતાવરણ જેવા મળે છે. નિષ્ફળતાના ડરના કારણે યુવાનો તણાવમાં આવી જાય છે. **બેરોજગારોની મોટી સંખ્યા વચ્ચે લાયકાત ધરાવતાં યુવાન-યુવતી માટે ક્યારે યોગ્ય નોકરી મળશે તે પ્રશ્ન મૂંઝવતો રહે છે.** નોકરી કે કામધંધામાં જોડાયા બાદ પણ હરીફાઈનો સામનો કરવાનો જ હોય છે. અભ્યાસ કે કારકિર્દી દરમિયાન **વ્યક્તિ ઉપેક્ષા, અપમાન, ઈર્ષ્યા, શોર કે અન્યાયનો ભોગ બને, ત્યારે તે વિચલિત થઈ જાય છે. તેનાં વાણી, વર્તન અને વલણમાં ખૂબ નકારાત્મક ફેરફારો થાય છે.**

આજના મોંઘવારીના સમયમાં અનેક પરિવારો-વ્યક્તિઓની ઇચ્છાઓ તો શું એની પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરી થતી નથી. આના કારણે હતાશાનું વાતાવરણ નિર્માણ થાય છે. ખાસ કરીને વ્યક્તિને રોટી, કપડાં, મકાન મેળવવા માટે અતિ સંઘર્ષ કરવો પડે કે **શિક્ષણ-આરોગ્ય સેવા પ્રાપ્ત કરવા માટે જંગી દેવું કરવું પડે ત્યારે તે નિષ્ફળ થઈ જાય છે.** ઉંમરલાયક વ્યક્તિઓ નવી પેઢી સાથે તાલમેલ નથી રાખી શકતી. પોતાની અધૂરી ઇચ્છાઓ કે દુરાગ્રહોના કારણે પરિવારમાં ક્ષુબ્ધ વાતાવરણ સર્જે છે. નવી પેઢી પણ લાગણીના બદલે ગણતરીપૂર્વક વિચારીને વડીલોને મારપીટ કરવામાં પણ સંકોચ અનુભવતી નથી. **વૃદ્ધ પણ પોતાના વિચારો જ સાચા અને સૌને બંધનકર્તા હોય તેવો આગ્રહ સેવતા હોય છે.**

આપણા સમાજમાં વર્તમાન સમયમાં જે જે ગંભીર અને ગોઝારી ઘટનાઓ બને છે, તે નિવારવા માટે આપણે વિવિધ કારણો અંગે વિચારણા કરી. આના નિરાકરણ માટે આપણે ખૂબ કાળજી અને જહેમતથી કામગીરી કરવી જરૂરી છે. આ બાબત અતિ સંવેદનશીલ હોવાથી વ્યક્તિની માનસિકતામાં પરિવર્તન લાવવાનું હોય અને ક્ષણિક આવેશમાં ગેરવર્તન ન થાય તે માટે જરૂરી પગલાં લેવા અને તેનો અમલ કરવા માટે વ્યવસ્થા ગોઠવ્યા સિવાય કોઈ વિકલ્પ નથી. સૌપ્રથમ વ્યક્તિ સ્વકેન્દ્રી બન્યો છે, ત્યારે પરિવાર-મિત્રોમાં જાગૃતિ લાવી **વ્યક્તિ અન્ય સાથે લાગણીપૂર્વક જોડાયેલો રહે તે માટે સંપર્ક, સંવાદ અને સમજણમાં સતત વધારો થતો રહે તેમ કરવું જરૂરી છે.**

બીજું, વ્યક્તિને એ સમજણ આપીએ કે હિંસા નિરર્થક છે. હિંસાથી કોઈ સમસ્યાનું સમાધાન થતું નથી, પરંતુ ઈર્ષ્યા-વેરઝેરને કારણે હિંસાનું દુષ્ચક્ર વધારે ઝડપથી ફરતું રહે છે. આપણા સુખનો આધાર પરસ્પરનો પ્રેમ જ છે. **ઇચ્છાઓ કદી પૂર્ણપણે તૃપ્ત નહીં થાય પણ સંયમ અને વિવેકભર્યું વર્તન રાખીશું, સૌને સાથે રાખીશું, તો સુખ અને આનંદ જ પ્રાપ્ત થશે.**

ત્રીજું, મોબાઇલ, વર્તમાનપત્રો અને ટેલિવિઝન દ્વારા અપાતા સમાચારો, અભિપ્રાયો, મોબાઇલની એપ્સ અને નેટ દ્વારા નિરંકુશ રીતે અશ્લીલ, હિંસક અને વિકૃત બાબતોનો ફેલાવો થઈ રહ્યો છે તેને અસરકારક કાયદાથી રોકવો જરૂરી છે. અનેક યુવા જ નહીં, પણ **પ્રૌઢ વ્યક્તિઓના વર્તનની વિકૃતિનું કારણ મોબાઇલની ભયજનક વસ્તુઓ જોતા રહેવાનું છે.**

ચોથું, પરિવારનું વાતાવરણ સુમેળભર્યું બને, અભ્યાસ અને વ્યવસાયમાં ખોટી સ્પર્ધાને બદલે સહયોગ સાધવાનો ભાવ પ્રબળ બને, અન્યના સુખમાં મારું સુખ છે તેવી ભાવના બળવત્તર બને. આ માટે સહિયારો પુરુષાર્થ કરવો જરૂરી છે. વ્યક્તિના રોજબરોજના અનુભવો ઘૃણા, કડવાશ કે ઈર્ષ્યાથી મુક્ત થશે, તો તેની નકારાત્મક ભાવનાઓ અંકુશમાં રહેશે. દરેક સમાજ યોગ્ય પરંપરા અને પદ્ધતિઓ દ્વારા વ્યક્તિની વિચારધારા અને વર્તનને પ્રભાવિત કરી શકે છે. **શિક્ષણ દ્વારા અને સ્નેહીઓ મારફત સંસ્કારસિંચન અવિરત થાય તેની કાળજી આવશ્યક છે.**

અંતમાં, સાંપ્રત સ્થિતિની ચિંતા જરૂર કરીએ, પણ આ દિવસોમાં આપણે ધીરજ, સમજણ, પ્રેમ અને સંવેદનાથી સમાજમાં જે સડો પેઠો છે તેને દૂર કરવાનો છે. **જેમ કોઈ કુશળ સર્જન શરીરની વિકૃતિને ઑપરેશન દ્વારા કુશળતાથી દૂર કરે છે તેમ સમાજના અગ્રણીઓએ સમાજસુધારણાની આ જવાબદારી અદા કરવાની છે.** ■

## સમાજ સૃષ્ટિ




**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે


# દિલના અવાજને અનુસરીને નિર્ણય લો !

જીવનમાં એક ધ્યેય કે પ્રયોજન રાખીને જીવવું જોઈએ એમ કહેવામાં આવે છે, પરંતુ હકીકતમાં એ જીવનધ્યેય અંગે પણ ચિંતન આવશ્યક છે. **ક્યારેક કોઈ વિશેષ ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે પોતાના ધ્યેયનું બલિદાન આપવું પડે.**

આ અંગે એક પ્રસંગ જોઈએ. બૌદ્ધ મહાયાન સંપ્રદાયની ચીનમાં આરંભાયેલી અને જાપાનમાં પ્રસરેલી એક શાખા તે ઝેન. હકીકતમાં તો દક્ષિણ ભારતના આચાર્ય બોધિધર્મ (ઈ. સ. ૪૭૦થી ૫૪૩) ચીન ગયા હતા અને ત્યાં ઝેન સંપ્રદાયનો પ્રારંભ થયો. **મૂળ સંસ્કૃત શબ્દ 'ધ્યાન'નું ચીની ભાષામાં ચ-આન એટલે 'ચાન' અને જાપાની ભાષામાં ઝેન એમ રૂપાંતર થયું છે.**

> **ટિમ કૂક કહે છે કે દિલના અવાજને અનુસરીને કોમ્પેક કંપનીમાંથી એપલ કંપનીમાં આવ્યો, તે મેં મારા જીવનમાં લીધેલો શ્રેષ્ઠ નિર્ણય છે.**

ચીનમાંથી જાપાન ગયેલા આ ધર્મનાં સૂત્રોનો અનુવાદ કરવાનો જાપાનના તેત્સુજેને વિચાર કર્યો. એમનો હેતુ જાપાનની ભાષામાં ઝેન સૂત્રોનો પ્રચાર કરવાનો હોવાથી એમણે એ અનુવાદિત ગ્રંથની સાત હજાર પ્રતો પ્રગટ કરવાનું નક્કી કર્યું. આને માટે એમણે કરેલી દાનની ઘોષણાને પરિણામે ધનિકોએ સુવર્ણમુદ્રાઓ અને સામાન્ય લોકોએ સિક્કાઓ દાનમાં આપ્યા. દસ વર્ષે પ્રકાશન માટે જરૂરી રકમ એકઠી થઈ. એવામાં જાપાનની સૌથી મોટી ઉજી નદીમાં ઘોડાપૂર આવ્યું અને અધૂરામાં પૂરું પછીને વર્ષે દુષ્કાળ પડ્યો. **આ કુદરતી આપત્તિઓએ પ્રજાજીવનને દુઃખી, બેહાલ અને વેદનાગસ્ત કરી નાખ્યું.**

તેત્સુજેને પોતાને દાનમાં મળેલી રકમ આપત્તિગ્રસ્તોને માટે વાપરી નાખી. ફરી ઝેન સૂત્રો માટે દાનની અપીલ કરી, પણ ત્યાં જાપાનમાં ભયંકર રોગચાળો ફેલાયો અને દાનની એકઠી થયેલી રકમ પાછી વપરાઈ ગઈ. આમ વીસ-વીસ વર્ષની મહેનત પછી જાપાનીઝ ભાષામાં ઝેન સૂત્રોનો અનુવાદ



# સમાજ સૃષ્ટિ

પ્રગટ થયો. **કહે છે કે એનાં આ સૂત્રો માત્ર અર્થોવાળાં જ નહીં, કિંતુ અત્યંત હૃદયસ્પર્શી અને માનવતાની ખુશબોથી ભરેલાં છે !**

આપણે જાણીએ છીએ કે દરેક વ્યક્તિ પોતાના કાર્યમાં અન્યની સહાય ઝંખે છે, એ ઇચ્છે છે કે આમાં અન્ય કોઈ વ્યક્તિ એને મદદરૂપ થાય. એની આ ઇચ્છા કે ભાવના સહેજે અસ્થાને નથી, પરંતુ સવાલ એ છે કે તમને કામ ચીંધવા આવનારી વ્યક્તિ તમારા જીવનના પ્રયોજનનો વિચાર કરે છે ખરી? તમે પ્રામાણિકપણે જીવવા ઇચ્છતા હો અને પેલી વ્યક્તિ તમારી પાસે આવીને એમ કહે કે, 'પેલા અધ્યાપક આપના પરિચિત છે. તો જરા આપની લાગવગનો ઉપયોગ કરીને મારા પુત્રને વધુ માર્ક મળે તેવી ગોઠવણ કરશો.' આવી માગણી કરનારી વ્યક્તિ સામી વ્યક્તિના જીવનપ્રયોજનને જોતી નથી. માત્ર પોતાની ઇચ્છા પર જ એની નજર હોય છે. પરિણામે એવું પણ બને છે કે ઘણી વ્યક્તિઓ માત્ર બીજાનાં કાર્યો કરવા ખાતર જીવતી હોય છે. કોઈ એમને ઍડમિશન માટે લાગવગ લગાડવાનું કહે, તો કોઈ ઓળખીતાને ત્યાં નોકરી અપાવવાની માગણી કરે. આને કારણે વ્યક્તિને પોતાના જીવનલક્ષ્યથી દૂર થઈને, સાવ અવળે માર્ગે જવું પડે છે અને **અંતે એનું લક્ષ્ય જ નહીં, કિંતુ એનું આખું જીવન પ્રપંચથી ભરેલું અને વ્યર્થતાના વિષાદથી ખંડિત થઈ જાય છે.**

મજાની વાત એ છે કે પોતાનું કાર્ય સોંપતી વખતે વ્યક્તિ સામેની વ્યક્તિનો લાભ લેવા માગે છે, પણ એની 'ઇમેજ' સાચવવાનું વિચારતી નથી. આથી એ નિર્ણય લેવો મહત્ત્વનો છે કે તમે તમારા લક્ષ્ય સાથે રહેવા માગો છો કે પછી આવા લોકો સાથે રહેવા ઇચ્છો છો? મૃત્યુ પછી તમે જ્યારે ઈશ્વરની સમક્ષ તમારા જીવનનો હિસાબ આપશો, ત્યારે તમારી પાસે સિફારિસની માગણી લઈને આવેલા લોકો નહીં હોય, તેઓ તમારા વતી કોઈ કેફિયત પણ નહીં આપે કે પોતાનાથી આવી ભૂલ થઈ ગઈ. એનો એકરાર પણ નહીં કરે. આથી બીજાઓ તમારી પાસે સમયની માગણી કરે, લાગવગની માગણી કરે, કોઈ કામ કરી આપો તેવી ઇચ્છા પ્રગટ કરે, ત્યારે **સૌથી મહત્ત્વની બાબત એ છે કે તમારે તમારા જીવનના લક્ષ્યને દૃષ્ટિમાં રાખીને ઉત્તર આપવો જોઈએ.**

એપલ કંપનીના ચીફ એક્ઝિક્યૂટિવ ટિમ કૂક વિશ્વની સૌથી મૂલ્યવાન કંપનીના સી.ઈ.ઓ. હોવા છતાં જીવનના નિર્ણયો લેવામાં સદૈવ પોતાના જીવનધ્યેયને - દિલના અવાજને - મહત્ત્વ આપે છે. ઓબર્ન યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને ૧૯૮૨માં તેઓ ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ થયા. સ્વાભાવિક રીતે જ સહુએ એમને એન્જિનિયરિંગના ક્ષેત્રે જઈને કારકીર્દિ બનાવવાનું કહ્યું, પણ ટિમ કૂકને એન્જિનિયર બનવાને બદલે બિઝનેસમેન થવાની તીવ્ર ઇચ્છા હતી, આથી એમણે એમ.બી.એ. થવાનો નિર્ણય લીધો અને ૧૯૯૮માં ડ્યૂક યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને એ એમ.બી.એ. થયા. એ પછી બાર વર્ષ એમણે વિખ્યાત આઈ.બી.એમ. કંપનીમાં કામ કર્યું, પણ એમના દિલને લાગ્યું કે ઘણું થયું, હવે કોઈ નવી કંપનીમાં જવું જોઈએ, **આથી કોમ્પેક કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટનો હોદ્દો મેળવ્યો અને હજી આ કંપનીમાં છ મહિના વીતાવ્યા હતા, ત્યાં જ એક વિશિષ્ટ ઘટના બની.**

> **૨૦૦૧માં પી.વી. સિંધુએ ઓલ ઇંગ્લેન્ડ ઑપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પુલેલા ગોપીચંદને બેડમિન્ટન ખેલતા જોયો અને એણે નક્કી કર્યું કે મારે બેડમિન્ટન ખેલાડી બનવું છે. એના પિતા પી. વી. રામન્ના અને માતા પી. વિજયા બંને રાષ્ટ્રીયકક્ષાના વોલીબોલ ખેલાડી હતાં**

એપલ કંપનીના સંસ્થાપક સ્ટીવ જોબ્સ સાથે મળવાનું બન્યું. બંને વચ્ચે પાંચેક મિનિટ વાતચીત થઈ, પણ ટિમ કૂકને સ્ટીવ જોબ્સની સાથે કામ કરવું એટલું બધું પસંદ પડ્યું કે આ **પાંચેક મિનિટની વાતચીતમાં એમના દિલમાંથી અવાજ આવ્યો અને એમણે એપલ કંપનીમાં કામ કરવાનું સ્વીકાર્યું.**

આજે ટિમ કૂક કહે છે કે આ દિલના અવાજને અનુસરીને કોમ્પેક કંપનીમાંથી એપલ કંપનીમાં આવ્યો, તે **મેં મારા જીવનમાં લીધેલો શ્રેષ્ઠ નિર્ણય છે.**

આવો જ નિર્ણય ભારતને આ વર્ષે બેડમિન્ટનની રમતમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં વિજેતા બનાવનાર પી. વી. સિંધુના જીવનમાં જોવા મળે છે. બેડમિન્ટનમાં અનેક પુરુષ અને મહિલા ખેલાડીઓ થયાં, પરંતુ સિંધુ એ વિશ્વ ચેમ્પિયન બનનારી ભારતની પહેલી ખેલાડી છે. આજથી અઢાર વર્ષ પહેલાં ૨૦૦૧માં પી.વી. સિંધુએ ઓલ ઇંગ્લેન્ડ ઑપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પુલેલા ગોપીચંદને બેડમિન્ટન ખેલતા જોયો અને એણે નક્કી કર્યું કે મારે બેડમિન્ટન ખેલાડી બનવું છે. એના પિતા પી.વી. રામન્ના અને માતા પી. વિજયા બંને રાષ્ટ્રીયકક્ષાના વોલીબોલ ખેલાડી હતાં અને ૧૯૮૬ની સોલ એશિયન ગેઈમ્સમાં ભારતીય ટીમે વોલીબોલમાં બ્રોન્ઝ મેળવ્યો હતો અને એમાં રામન્નાનો અગ્રીમ ફાળો હોવાથી એમને 'પદ્મશ્રી'નો ખિતાબ પણ મળ્યો હતો. આમ **માતા અને પિતા બંને વોલીબોલના અગ્રણી ખેલાડીઓ હતા, તો મોટી બહેન દિવ્યા રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ પ્લેયર હતી.**

પરંતુ પી. વી. સિંધુને ગોપીચંદને જોયા પછી બેડમિન્ટન ખેલાડી બનવાની લગની લાગી અને આઠ વર્ષની ઉંમરે આ રમતને અપનાવી લીધી. પહેલાં મહેબૂબ અલી પાસે અને એ પછી ગોપીચંદની બેડમિન્ટન એકેડમીમાં સિંધુએ આકરી પ્રૅક્ટિસ કરી. એક સમયે એના ઘેરથી ૬૫ કિલોમીટર દૂર આવેલા કોચિંગ કેમ્પમાં રોજ જતી હતી. એનો આ રમતમાં સખત મહેનત અને પ્રતિબદ્ધતાથી આગળ વધવાનો ઇરાદો હતો. એના દિલનો અવાજ એને વિશ્વ ચેમ્પિયન બનાવનારો બન્યો. ઘણી વાર કિનારે આવેલું નાવ ડૂબી જાય, તેમ ફાઈનલમાં સિંધુ હારી જતી હતી. એની ટીકાઓ પણ થવા લાગી, પરંતુ કશાયને ગણકાર્યા વિના વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પાંચમો ક્રમ ધરાવનારી સિંધુ વિશ્વવિજેતા બની. **આમ ભીતરના અવાજને અનુલક્ષીને જીવનલક્ષ્ય તરફ ચાલનારને સફળતા સાંપડ્યા વિના રહેતી નથી.** ■



**ડો. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કોલમિસ્ટ
અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.

# પોતાની જાતથી ડરતાં શીખો

**માણસ પોતાના જીવનની મોટા ભાગની શક્તિ બીજાને ખુશ રાખવામાં તેમજ બીજો પોતાનો ખુશ રાખે એવા ઉધામામાં ખર્ચી નાખે છે, જાતને ખુશ રાખનારા જગન્નિયંતાને ખુશ રાખવામાં ઊણા જ ઊતરે**




એક કર્મચારી બીજા કર્મચારીને કહી રહ્યો હતો, 'યાર, આપણે તો બોસને જ ભગવાન માનીએ છીએ. પેલો ભગવાન રૂઠશે કે નહીં એની ખબર ન પડે, પણ **ખાનગી નોકરીમાં બોસ નારાજ થાય એટલે તરત જ પાણીચું મળે. એટલે આપણે તો બોસને નારાજ નહીં કરવાની પ્રતિજ્ઞા લઈને નિરાંતે જીવીએ છીએ.'**

આ સંદર્ભમાં શેખસાદીની એક વાર્તાનું સ્મરણ થયું.

એક વજીર મિસ્ર દેશના એક સાધુ પાસે જઈને તેમની દુઆ માગતા કહેવા લાગ્યો, **'હું દિન-રાત બાદશાહની ખિદમતમાં રચ્યોપચ્યો રહું છું, પરંતુ રખેને બાદશાહ નારાજ થઈ જાય એવા ભયે કારણે મારા મનને ચેન નથી.'**

સાધુને થયું કે વજીર પ્રકૃતિથી દુષ્ટ નથી, પરંતુ ગુમરાહ છે. એટલે એને સન્માર્ગ ચીંધવો જોઈએ. સાધુએ કહ્યું, 'વજીરજી, તમે બાદશાહની સેવા તો કરો છો, પણ એમાં લાલચ રહેલી છે. માણસ પાસે બદલો આપવાની તાકાત મર્યાદિત છે, કારણ કે માણસ પણ આખરે તો ભગવાનની મરજી પ્રમાણે જ તમને સારું-માઠું ફળ આપવાનું નિમિત્ત બનતો હોય છે. એટલે તમે બાદશાહને રાજી રાખવાને બદલે બાદશાહોના મહાબાદશાહ પરવરદિગાર પરમેશ્વરને ખુશ રાખવા સત્કર્મો કર્યાં હોત તો કદાચ તમારાં સત્કાર્યોની સુવાસને લીધે તમારી ગણતરી સજ્જનોમાં થઈ હોત અને પરમાત્માના આશીર્વાદ તેમને આપોઆપ સાંપડ્યા હોત. **ફિરસ્તા બનવાનું સહેલું. આપણે દ્વિધામાં રહીને નથી બની શકતા સાચકલા ઈન્સાન કે નથી બની શકતા ફિરસ્તા.'**

માણસ પોતાના જીવનની મોટા ભાગની શક્તિ બીજાને ખુશ રાખવામાં તેમજ બીજો પોતાનો ખુશ રાખે એવા ઉધામામાં ખર્ચી નાખે છે. જાતને ખુશ રાખનારા જગન્નિયંતાને ખુશ રાખવામાં ઊણા જ ઊતરે. જાતને ખુશ કરવા માટે માણસે સિદ્ધાંતો જોડે બાંધછોડ કરવી પડે. સત્યના ગળે ટૂંપો દેવાવાની ઘટના પણ સર્જાય. **મોહ આગળ વિવેક વીસરાઈ જાય. સ્વાર્થ આગળ પરમાર્થ નેવે મુકાય.**

માણસે માણસથી ડરવાની જરૂર નથી, પણ પોતાનાથી ડરવાની જરૂર છે. માણસથી ડરનાર ડરપોક અને કાયર બની જાય, પોતાનાથી ડરનાર માણસ આત્મદર્શનને બળે મહામાનવ બની જાય. જેમને ક્ષણિક માન-પાન, સુખ-સંપત્તિ કે સાહ્યબી નથી જોઈતાં, પરંતુ **આત્મજગતના મહારાજાધિરાજ બનવું છે તેમણે દુનિયાના ડરથી મુક્ત બનવાની કળા શીખી લેવી જોઈએ.**

જગન્નિયંતાથી નહીં, પરંતુ પોતાની જાતથી નહીં ડરનારાઓ, જગત માટે વધુ અભિશાપરૂપ હોય છે, કારણ કે તેમને સંયમશૂન્ય વ્યવહાર તેમને ગમે તેવાં જઘન્ય કૃત્યો કરતાં પણ રોકી શકતો નથી. જગતમાં નીચ માણસો કરતાં નફ્ફટ માણસોની સંખ્યા દિન-રાત વધી રહી છે. **જેઓ માણસને રાજી રાખવા પરમાત્માને નારાજ કરે છે તે પોતાના હાથે જ પોતાના વિનાશનો ખાડો ખોદવાનું દુષ્કૃત્ય કરે છે.** ■

## FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**







## FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**

## FLORA 11

સાઈટ : ફલોરા ૧૧, રવાપર રોડ,
ફલોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : **99252 48651, 98250 30271**




સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.

સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફલોરા ગ્રુપની પહેચાન છે. ફલોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.



શ્રી કિશોરભાઈ વિરમગામા

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ
ઓળખ...**

## FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : **99252 48651, 98250 30271**







## FLORA IRIS

એડ્રેસ : ફલોરા આઈરીસ, સાનિધ્ય બંગલોઝની સામે,
ફલોરા એકઝોરા રોડ, સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : **95795 22222 , 95125 12222**

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – કડી

મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮

સ્થાપના સને ૧૯૫૫-૫૬

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડું પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**બળદેવભાઈ એ. પટેલ**
વાઇસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)



**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઇન્ચા. સેક્રેટરી

# બાલ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. ભગીરથ પટેલ**
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

आओ बच्चों तुम्हें दिखाएं झांखी हिन्दुस्तान की
ईस मिट्टी से तिलक करो, ये धरती है बलिदान की...
वंदे मातरम्... वंदे मातरम्

# લોભી ખેડૂત અને જાદુઈ બદક




એક હતો ખેડૂત. તેની પાસે એક જાદુઈ બતક હતી. આ બતક રોજ એક સોનાનું ઈંડું મૂકતી. ખેડૂત તે સોનાનું ઈંડું વેચીને ઘણા પૈસા કમાતો. આમ કરતાં કરતાં તે થોડા દિવસોમાં જ પૈસાદાર થઈ ગયો. તેણે એક મોટું સગવડભર્યું ઘર બંધાવ્યું. **તેમાં તે પોતાની પત્ની અને બાળકો સાથે આનંદથી રહેવા લાગ્યો.**

આમ સુખશાંતિમાં રહેતા ખેડૂતને એક રાતે ખરાબ વિચાર આવ્યો: **'આ બતકનું પેટ ચીરીને તેમાંથી સોનાનાં ઈંડાં એકસામટાં જ કાઢી લઉં તો મને કેટલા બધા પૈસા મળે! હું ખૂબ જ પૈસાદાર થઈ જાઉં.'**

બીજા દિવસે સવારે તે ખેડૂત ઊઠ્યો. તેણે એક મોટો છરો લીધો. તેણે ઉતાવળે ઉતાવળે પેલી બતકનું પેટ ચીરી કાઢ્યું. પણ આ શું? તેમાંથી તેને સોનાનું એકેય ઈંડું મળ્યું નહીં. તેથી ખેડૂતને ખૂબ જ આઘાત લાગ્યો. સોનાનાં ઈંડાં એકસાથે મેળવી લેવાના લોભમાં ખેડૂતે બતકને મારી નાખી. **રોજ મળતું સોનાનું ઈંડું પણ તેણે ગુમાવ્યું. પોતે કરેલી ભૂલથી તે દુઃખી દુઃખી થતો ગાંડો થઈ ગયો.** ■

# ગમાણનો કૂતરો



એક હતો કૂતરો. તે એક દિવસ ગાયોની ગમાણમાં આરામ કરી રહ્યો હતો. થોડી વારમાં ગાયોનું એક ધણ ત્યાં આવ્યું. અવાજ થવાથી કૂતરો જાગી ગયો. **ગાયોને જોઈને તે જોરજોરથી ભસવા લાગ્યો. તે તેમને ગમાણ છોડી જવા ધમકાવવા લાગ્યો.**

એક ગાય નમ્રતાથી બોલી, 'આ ઘાસ તો અમારો ખોરાક છે. અમને ખાવા દે. અમને ખૂબ ભૂખ લાગી છે.' **કૂતરાએ તો ગાયને એવું ઘૂરકિયું કર્યું કે ગાય જાય નાઠી.**

તે પછી એ ગાય એક આખલાને લઈ આવી. આખલાએ કૂતરાને ધમકાવતાં કહ્યું, 'અલ્યા ઓ... **આ ઘાસ ઢોરોનો ખોરાક છે. તારે માટે એ નકામો છે. માટે હઠ! દૂર હઠી જા અહીંથી...'**

આખલાની ધમકી પણ કૂતરાએ ગણકારી નહીં એટલે આખલો ગુસ્સે ભરાયો. એ મોટેથી બરાડ્યો અને કૂતરા પર ધસ્યો. **કૂતરો જીવ લઈને ત્યાંથી ઊંભી પૂછડીએ ભાગ્યો.** ■

*(સૌજન્ય: નવનીત એજ્યુકેશન લિમિટેડ)*

[ લાખો-કરોડો કમાવાનું વરદાન લઈને તો હજારો જન્મે છે, પરંતુ કમાયેલી ધનરાશિ સુપાત્ર જગ્યાએ સખાવત કરવાની દાતારી તો કોઈ ભાગ્યશાળીના જ નસીબમાં હોય છે. આ રહ્યા પરમ સાધર્મિક દાનવીરો. ]

# ગૌરવવંતા સિલ્વર દાતાશ્રી - યુ.એસ.એ.



શ્રી કૌશિકભાઈ ડી. પટેલ
બોસ્ટન



શ્રી દશરથભાઈ વી. પટેલ
બોસ્ટન



શ્રી વિષ્ણુભાઈ બી.પટેલ
બોસ્ટન



શ્રી વિષ્ણુભાઈ પટેલ
બોસ્ટન



શ્રી પ્રકાશભાઈ એસ. પટેલ
શિકાગો



શ્રી પ્રકાશકુમાર પી. પટેલ
શિકાગો



શ્રી માણેકભાઈ એસ. પટેલ
શિકાગો



સ્વ. લાલભાઈ એમ. પટેલ
શિકાગો




શ્રીમતી પારૂલબેન એમ.પટેલ
શિકાગો



શ્રી શૈલેષભાઈ આર. પટેલ
શિકાગો




શ્રી દશરથભાઈ એસ.પટેલ
શિકાગો



શ્રી પિયૂષભાઈ એમ.પટેલ
શિકાગો



શ્રી દિપલભાઈ જી. પટેલ
શિકાગો



શ્રી અશોકભાઈ જી.પટેલ
શિકાગો



શ્રી અલ્પેશકુમાર એસ.પટેલ
મેરીલેન્ડ




શ્રી પિયૂષભાઈ આર. પટેલ
મેરીલેન્ડ



શ્રી કૌશિકભાઈ સી.પટેલ
મેરીલેન્ડ



શ્રી અશ્વિનભાઈ સી. પટેલ
મેરીલેન્ડ



શ્રી ગૌતમભાઈ જી.પટેલ
મેરીલેન્ડ




શ્રી હર્ષદભાઈ એ. પટેલ
મેરીલેન્ડ



શ્રી રાજેશભાઈ બી.પટેલ
મેરીલેન્ડ



શ્રી દિપકભાઈ આર. પટેલ
મેરીલેન્ડ



શ્રી પ્રહ્લાદભાઈ સી. પટેલ
મેરીલેન્ડ



શ્રી સુરેશભાઈ જે. પટેલ
મેરીલેન્ડ



શ્રી દશરથભાઈ એ. પટેલ
મેરીલેન્ડ

# ગૌરવવંતા સિલ્વર દાતાશ્રી - યુ.એસ.એ.


ડો. કલ્પેશભાઈ એમ. પટેલ
મેરીલેન્ડ


શ્રી દશરથભાઈ આર. પટેલ
ન્યુજર્સી



શ્રી ગોવિંદભાઈ જે. પટેલ
ન્યુજર્સી


શ્રી જીતેન્દ્રભાઈ પટેલ
ન્યુજર્સી


શ્રી મહેન્દ્રભાઈ પી. પટેલ
ન્યુજર્સી


શ્રી મંગળભાઈ એસ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી સતિષભાઈ જી. પટેલ
મેકન જ્યોર્જિયા


ડો. અરવિંદભાઈ કે. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી બળદેવભાઈ કે. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી રાકેશકુમાર આર. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી દિનેશભાઈ એલ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી શૈલેષભાઈ વી. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી રમેશભાઈ એમ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી અશોકકુમાર એ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી મણિલાલ એમ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી સુરેશભાઈ કે. પટેલ
મેકન જ્યોર્જિયા


સ્વ. ભરતભાઈ એલ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી યોગેશભાઈ બી. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી ગિરીશભાઈ એ. પટેલ
મેકન જ્યોર્જિયા



શ્રી લાલભાઈ આર. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી ગિરીશભાઈ બી. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી જીતુભાઈ ડી. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી દશરથભાઈ સી. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી ભરતભાઈ એમ. પટેલ
મેકન જ્યોર્જિયા


શ્રી કિરીટભાઈ એસ. પટેલ
મેકન જ્યોર્જિયા

## દિવ્યરથ પરિભ્રમણ - સુરત







વિશ્વ ઉમિયાધામ દ્વારા આયોજીત જગતજનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ - સુરત ખાતે તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૩ થી ચાલી રહેલ છે, જેમાં સુરત શહેરના નગરજનો દ્વારા મા ઉમિયાના દિવ્યરથનું નૃત્ય-સંગીત, વેશભૂષા તેમજ બાઈક રેલી સાથે ઉમળકાભેર સ્વાગત સાથે મા ઉમિયાની આરતી-પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી.

આ પ્રસંગે સતત રથ સાથે અમદાવાદથી જોડાયેલ શ્રી પ્રવિણભાઈ પટેલ - પૂર્વ ચેરમેનશ્રી સ્ટેન્ડિંગ કમિટી, શ્રી મુકેશભાઈ પટેલ - ચેરમેનશ્રી VUF સાબરકાંઠા, શ્રી સંજયભાઈ પટેલ - સભ્ય શ્રી કેન્દ્રીય કમિટી તથા શ્રી ભરતભાઈ પટેલ - મંત્રીશ્રી, સાબરકાંઠા તેમજ સુરત જીલ્લા રથ પરિભ્રમણ પ્રારંભ - ઉમા મંગલથી સુરત જીલ્લા - શહેર કમિટીના તમામ કાર્યકર બંધુ-ભગિનીઓ વિગેરે રાત-દિવસ સતત મહેનત કરી રથ પરિભ્રમણમાં ઉમદા કામગીરી કરી રહ્યા છે, તે બદલ સંસ્થા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## કેન્દ્રીય સંગઠન મીટિંગ




સંસ્થાની કેન્દ્રીય સંગઠન મીટિંગ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને એજન્ડાના કામો સારું મળેલ. જેમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ, સંગઠન વિશે તથા આગામી કાર્યક્રમોને અનુલક્ષીને વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી. સદર મીટિંગમાં સેન્ટ્રલ કમિટીના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, જીલ્લા ચેરમેનશ્રી - મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અભિવાદન સમારોહ - સુરત








વિશ્વ ઉમિયાધામ દ્વારા સમગ્ર ગુજરાતમાં જગતજનની શ્રી ઉમિયા માતાજીના દિવ્યરથના પરિભ્રમણ આયોજન અંતર્ગત તા. ૦૫ માર્ચ, ૨૦૨૩ના રોજ સુરત ખાતે અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ. જેમાં મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, પૂર્વ મંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી એમ.એસ. પટેલ - ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ - ભાજપા સાથે અન્ય મંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી - આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી - ડી. એન. ગોલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રમુખશ્રી આર. પી. પટેલે સંસ્થાના વીઝન અને મીશન, હાલમાં ચાલતી તથા આગામી પ્રવૃત્તિઓ વિશે વિગતે માહિતગાર કર્યા હતા. અભિવાદ સમારોહને સફળ બનાવવામાં સુરત જીલ્લા કમિટીના હોદ્દેદારશ્રીઓ, દાતા ટ્રસ્ટીશ્રીઓ, સંગઠન કાર્યકર્તા ભાઈઓ/બહેનોને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વ ઉમિયાધામ - ઉપવનમાં વૃક્ષારોપણ



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયાધામે ગુડા - સુએઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટવાળી જગ્યામાં વિશ્વ ઉમિયાધામ - ઉપવનમાં ૧.૫૦ લાખ વૃક્ષારોપણ કરવાના લક્ષ્યાંક અંતર્ગત હાલમાં વૃક્ષારોપણની કામગીરી પૂરજોશમાં ચાલી રહેલ છે.

જેમાં પ્રથમ ચરણમાં શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર, ધરમપુર સંસ્થા તેમજ નિરમા કોલેજ - અમદાવાદના વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ અભિયાનમાં જોડાઈ મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે.

HIR-ASHA
SKY

# 3BHK

## LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

**HIR-ASHA SKY,**
**Sagar Sangeet Cross Road, Science City,**
**Sola, Ahmedabad**

**RAJ DEVELOPERS**

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India

CELEBRATING MORE THAN 15 YEARS OF EXCELLENCE

**FLEXIBOND®**

AN ATTACHMENT



Aluminium Composite Panel



PVC / WPC Foam Board



WPC Solid Doors & Frames



PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |

Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com www.flexibond.com +91 92280 25446



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## વડોદરા ચેપ્ટરમાં VIBES ની શરૂઆત





યુવા ઉદ્યોગ સાહસિકોમાં બિઝનેસ નેટવર્કિંગ સાથે સામાજિક જાગૃતિ દ્વારા સભ્યોની વ્યાપાર ક્ષેત્રે વૃદ્ધિ થાય તે હેતુસર સંસ્થાએ Vibes (Vishv Umiya International Business Entrepreneur & Social Network) ની શરૂઆત અમદાવાદથી કરેલ તે અંતર્ગત વધુમાં વડોદરા ચેપ્ટર દ્વારા યુવા ઉદ્યોગ સાહસિકોમાં બિઝનેસની સાથે આધ્યાત્મિક ચેતના ઉજાગર થાય તે માટે મા ઉમિયાના વૈશ્વિક મંદિરની આસ્થાથી જોડાઈને સામાજીક નેટવર્કિંગ કરી સામાજીક દાયિત્વમાંયોગદાન આપવાની ભાવના સાથે તા. ૧૮-૦૩-૨૦૨૩ ના રોજ વડોદરા ખાતે Vibes નો શુભારંભ કરી દીધેલ છે.

જે કોઈ યુવા ઉદ્યોગ સાહસિકોને સંસ્થાની Vibes ટીમમાં જોડાવું હોય તો શ્રી આકાશ વડાલિયા - અમદાવાદ મો.નં.૯૭૨૭૫૧૯૬૦૩ તથા શ્રી ઉત્તમભાઈ પટેલ - વડોદરા શહેર - મો.નં.૭૦૪૧૬ ૮૪૦૦૨ સાથે સંપર્ક કરી જોડાઈ શકો છો.

## જગતજનની મા ઉમિયાની સમૂહ આરતી - દર્શન

સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર વિશ્વમાં ભાઈઓ બહેનોના સંગઠનની રચના થઈ રહી છે, તે અંતર્ગત દર શનિવારે દરેક જીલ્લા - તાલુકામાં શ્રી ઉમિયા માતાજીની આરતીનું આયોજન થાય તેવી અપીલને સ્વિકારીને નીચે મુજબના જીલ્લા - તાલુકાઓમાં સંગઠન કમિટી દ્વારા સમૂહ આરતીનું આયોજન કરવામાં આવેલ.



આણંદ જીલ્લાના ઉમેરઠ ગામમાં સમૂહ આરતી



ગાંધીધામ અંજાર તાલુકામાં સમૂહ આરતી



વલસાડ જીલ્લા ગુંદલાવ ગામમાં સમૂહ આરતી



મહેસાણા શહેરમાં સમૂહ આરતી

विश्व उमियाधाम
અમદાવાદ

Vishv UMIYA Foundation

વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ
જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણના સહયોગ અર્થે

# જાહેર આમંત્રણ

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામની જીવન ગાથા

# श्री राम कथा

સેવા, સમર્પણ અને કર્મ ભક્તિથી ધર્મ - સમાજ ભાવનાને ઉજાગર કરતાં અખંડ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રીરામનો સંદેશ એટલે શ્રી રામ કથા. જેનું પારાયણ કરવાથી જીવનમાં શક્તિ, ભક્તિ અને ઊર્જા પેદા થાય છે, ત્યારે પ્રભુ ભક્તિના ભાવે દિવ્ય પ્રસંગો તથા મોક્ષદાયી શ્રીરામ કથાનું શ્રવણ કરવા સૌ ભાવિક - ભક્તોને ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

## ૨૨ એપ્રિલ થી ૧ મે ૨૦૨૩



કથાકાર
પ. પૂ. શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી

**સમય**

સાંજે ૭-૦૦ થી ૧૧-૦૦ કલાકે

**સ્થળ**

“અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્લોટ”
ફાયર સ્ટેશન તથા ડી-માર્ટની સામે, નિકોલ, અમદાવાદ

ટીમ - વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ

‘‘વિશ્વ ઉમિયાધામ’’ જાસપુર રોડ, વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧. Cell No. : + 91 72020 80333 / 222
email : contact@vishvumiyafoundation.org. I www.vishvumiyafoundation.org I www.facebook.com/VishvUmiyaFoundation

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

Vishv UMIYA Foundation

# : સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ :

## આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ - "વિશ્વ ઉમિયાધામ"

જગતજનની મા ઉમિયાનું વિશ્વનું ઊંચામાં ઊંચું ૫૦૪ ફૂટ મંદિર નિર્માણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્કીલ યુનિવર્સિટી | અદ્યતન હોસ્પિટલ | સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ | છાત્રાલય | અદ્યતન NRI ભવન | સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર |
| વૈશ્વિક સંગઠન | ઉમાછત્ર | ઉમા પ્રસાદમ્ | ઉમાસૃષ્ટિ | ઉમા લગ્ન સંસ્કાર | ઉમા સ્વાદમ્ |
| કાનૂની માર્ગદર્શન | મેટ્રીમોનિયલ સર્વિસીસ | સમાધાન પંચ | નિઃશુલ્ક શિક્ષણ યોજના | યુથ કનેક્ટ | |
| ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ | Vibes - બિઝનેસ વીંગ | ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ | વૃક્ષારોપણ અભિયાન | | |

### ઉમાછત્ર

પરિવારને આપો ઉમાછત્ર કવચ

₹ 10 લાખ

૧૮ થી ૫૫ વયના કોઈપણ ઉમાછત્ર સભ્યનું નિધન થાય તો, તે પરિવારને રૂા. ૧૦ લાખની આર્થિક સહાય

**વિકલ્પ-૧ અવિચલ** — એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦/- યોગદાન ૫૫ વય સુધી

**વિકલ્પ-૨ અવિરત** — પ્રારંભિક રૂા.૪,૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

### મેટ્રીમોનિયલ સર્વિસીસ



@ અમદાવાદ

૮૦૭, "ફોર્ચ્યુન બિઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (Mo.) 63599 87827

@ સુરત - અલથાણ

૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં, અલથાણ, સુરત,

મેટ્રીમોનીયલ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org ઉપર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

### ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

ઉમાસૃષ્ટિ માસિકના વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ

૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/-　　૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/-

### ઉમા સ્વાદ

સ્વાદ એવો, માં ની મમતા જેવો...

શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ

ગાયના શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિઠાઈ તથા નમકીનની ઉત્કૃષ્ટ શ્રેણી

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

### ઉમા લગ્ન સંસ્કાર



શ્રી ઉમિયા માતાજી સન્મુખ શાસ્ત્રોક્ત વિધિવત્ લગ્ન રાહત દરે

- દિકરીને પાનેતર
- ચોરી - બેઠક વ્યવસ્થાની સુવિધા
- બંને પક્ષના કુલ ૧૦૦ મહેમાનશ્રીઓને ભોજન પ્રસાદ

### પાર્ટી પ્લોટ



લગ્ન, રીસેપ્શન, સંગીત સંધ્યા, રાસ-ગરબા, મહેંદી, રીંગ સેરેમની, વરપક્ષ - કન્યાપક્ષ રૂમ, બર્થડે સેલીબ્રેશન, જનોઈ, મેરેજ એનિવર્સરી, રજત જયંતિ, સુવર્ણ જયંતિ કે અમૃત મહોત્સવ તથા અન્ય પ્રસંગો માટે

### VUF યુથ કનેક્ટ

- કોઈપણ સમાજની કોઈપણ વ્યક્તિ યુથ કનેક્ટમાં જોડાઈ શકે છે.
- બેંક એકાઉન્ટ માટે દર મહિને ઓટો-ડેબીટની સુવિધા.
- રૂા. ૧૦૦ કે તેથી વધારેની સહયોગ રાશિ.

### VUF કેનેડા યુથ ટીમ દ્વારા અભ્યાસ/જોબમાં મદદરૂપ



- કેનેડા અભ્યાસ અર્થે જતા કોઈપણ ગુજરાતી વિદ્યાર્થીઓને એરપોર્ટ ઉપરથી લેવા - જવાની, રહેવા તેમજ જમવાની હંગામી સુવિધા.
- કોલેજ - યુનિવર્સિટીની પસંદગીમાં માર્ગદર્શન.
- પાર્ટ ટાઈમ જોબમાં મદદરૂપ (શક્ય હોય ત્યાં)

ઓફિસ : વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર, અમદાવાદ. Mob. : 7202080 222 / 333
email : contact@vishvumiyafoundation.org I www.vishvumiyafoundation.org I www.facebook.com/VishvUmiyaFoundation

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

Vishv UMIYA Foundation

# : સ્વૈચ્છિક સહયોગ દાન :

**"જગતજનની મા ઉમિયાના ઐતિહાસિક મંદિર નિર્માણમાં મારે પણ પાયાના પિલ્લર થવું છે, હું પણ પાયાનો પિલ્લર છું"**

| મંદિર ગર્ભગૃહના ધર્મસ્તંભના દાતા<br>રૂા. ૧૫ લાખનું યોગદાન | મંદિરના ધર્મસ્તંભના દાતા<br>રૂા. ૧૧ લાખનું યોગદાન |
|---|---|

**ધર્મસ્તંભના દાતાનું નામ મંદિર પરિસરમાં નામાંકિત કરવામાં આવશે.**

- સીટી મેમ્બર : રૂા. ૧ લાખ ☐
- શુભેચ્છક સભ્ય : રૂા. ૫ લાખ ☐
- આજીવન સભ્ય : રૂા. ૧૧ લાખ ☐
- સિલ્વર દાતા : રૂા. ૨૫ લાખ ☐

- ભૂમિદાન હૂંડી : રૂા. ૧૧,૦૦૦/- (૧ ચો.વાર) x...... રૂા. ☐
  - રૂા. ૫૫,૦૦૦/- (૫ ચો.વાર) ☐
  - રૂા. ૧,૧૧,૦૦૦/- (૧૦ ચો.વાર) ☐
- શિલાદાન : રૂા. ૫,૦૦૦/- x .......... કુલ રૂા. ☐
- ઈંટદાન : રૂા. ૧,૦૦૦/- x .......... કુલ રૂા. ☐

- ઉમાસૃષ્ટિ માસિક મુખપત્ર :
  - ૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/- ☐
  - ૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/- ☐

- વૃક્ષદાતા : રૂા. ૫૦૦/- x ......... કુલ રૂા. ☐
- શિક્ષણ સહાય : ૨૦ હજાર કે તેથી વધુ - કુલ રૂા. ☐
- આરોગ્ય સહાય : ૨૦ હજાર કે તેથી વધુ - કુલ રૂા. ☐

**અન્નદાન મહાદાન**

- ઉમા પ્રસાદમ્ નિઃશુલ્ક ભોજન પ્રસાદ યથાશક્તિ સહયોગ - રૂા. ☐
  - જન્મ દિવસ - ભોજન દાતા - રૂા.૧૧,૦૦૦/- ☐
  - મેરેજ એનિવર્સરી - ભોજન દાતા - રૂા.૧૧,૦૦૦/- ☐

**જગતજનની મા ઉમિયાના ધામમાં મારું પણ યોગદાન છે એવા ભાવ સાથે દાન - ભેટ લખાવવા મંદિર કે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.**

બેંક : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

UPI ID થી
DIRECT PAYMENT
VISHV UMIYA
FOUNDATION

ઓફિસ : વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર, અમદાવાદ. Mob. : 7202080 222 / 333
email : contact@vishvumiyafoundation.org I www.vishvumiyafoundation.org I www.facebook.com/VishvUmiyaFoundation





આપણને સસ્તા ક્યારેય કોઈ પારકા નથી કરતા હોતા, એ કામ આપણે જ કરી બેસતા હોઈએ છીએ. આપણે સસ્તા થઈ જઈશું તો કિંમત નહીં રહે અને કિંમત નહીં રહે તો શબ્દોમાં પણ વજન નહીં રહે. માણસ લાખ રૂપિયાનો જ રહેવો જોઈએ અને લાખ રૂપિયાના રહેવા માટે ભટકતા રહેવાને બદલે નીતિશાસ્ત્રમાં કહેવાય છે એ વાતને ગળે વળગાડૂને રાખવી. અત્યંત સમીપમાં રહેનારાની ક્યારેય કોઈ કિંમત થતી નથી. અંતર હોય તો જ કિંમત અકબંધ રહેતી હોય છે. સંપર્કમાં રહો પણ ગળે ન પડો. સંબંધ રાખો પણ સંબંધને વ્યવહાર ન બનાવો.

**- સ્વામી સચ્ચિદાનંદજી**

આત્મવિશ્વાસ આપણો જ્યારે શિખર સ્પર્શી હોય છે ત્યારે આપણે નિષ્ક્રિય રહી શકતા નથી અને ભય આપણો જ્યારે ખાઈ સ્પર્શી હોય છે ત્યારે આપણે સક્રિય બની શકતા નથી. આનો અર્થ એ જ કે જો તમે સન્માર્ગ પર સક્રિય રહેવા માગો છો તે તમારી પાસે આત્મવિશ્વાસ હોવો અનિવાર્ય છે અને ઉન્માર્ગ પર જો તમે નિષ્ક્રિય બન્યા રહેવા માગો છો તમારી પાસે પાપનો ભય હોવો અનિવાર્ય છે.

**- આચાર્ય વિજયશ્રી રત્નસુંદર સૂરીશ્વરજી**





જીવનમાં આપવા જેવું શ્રેષ્ઠ શું છે? શત્રુને ક્ષમા, મિત્રને હૃદય, સંતાનને આદર્શ જીવનનું દૃષ્ટાંત, પિતાને સન્માન, માતાને ગર્વ લઈ શકે તેવા વર્તનની ભેટ, દીનજનોને દાન અને પોતાનો પ્રતિષ્ઠા.

**- યોગગુરુ, વેદાંતના સમર્થક સ્વામી શિવાનંદ સરસ્વતી**

પ્રતિકૂળતા વિનાનું જીવન નીરસ, નિસ્તેજ અને રગશિયા ગાડાની માફક ચાલતું હોય છે. હકીકતમાં તો સંઘર્ષ, આપત્તિ અને પ્રતિકૂળતા સામેનો તમારો પ્રત્યુત્તર મહત્ત્વનો છે. તમે એને સ્વીકારીને એને ઉકેલવાનો પ્રયત્ન કરશો ત્યારે તમારામાં એક જુદું જ જોશ આવશે. ભીતરમાં નવીન ઊર્જાનો સંચાર થશે અને તમારું સમગ્ર ચિત્ત એનો સામનો કરવાનાં શસ્ત્રો સજ્જવા લાગશે.

**- ડૉ. કુમારપાળ દેસાઈ**





**ભગવાનને તમારા આંગણે બોલાવવા છે? તો આ રહ્યા પાંચ રસ્તાઃ**

૧) ઘરના તમામ સદસ્યો તથા સેવકવર્ગને સન્માન આપો.
૨) પુણ્યના ફળની અપેક્ષા વગર આપદ્ગ્રસ્તોને હૃદયથી મદદ કરો.
૩) ભગવાનને પામવા તમારા મનને ભગવદીય બનાવો.
૪) મનને શાંત રાખી ક્રોધ કરવાનું ટાળો તથા તમારી ધાર્મિક માન્યતાને વિવાદનો વિષય ન બનાવો.
૫) પ્રત્યેક કાર્ય એ પ્રભુસેવા છે એમ માની સમર્પણભાવે તેને ન્યાય આપો.

**- ડૉ. ચંદ્રકાંત મહેતા**


Reach the pinnacle of
SOPHISTICATION
THE SPIRE
Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set
THE SPIRE
3 BHK HAPPY LIVING & SHOPS
SCAN FOR LOCATION
Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club
S.P. Ring Road, Ahmedabad 380060
CONTACT NO.
+91 75 75 00 92 77
SCAN FOR BROCHURE
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High




CAN US AUS NZ UK

Call Now +91 9574008581

IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified

# ખુશીઓથી રમશે આંગણું જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

૭૦ દેશોના લોકોને સારવાર આપનારા

BEST HOSPITALS REGIONAL — ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર વુમન્સ હોસ્પિટલ**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)

+91 98254 42197